सत्यमेव जयते

ગુજરાત સરકાર

# ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓના આશ્રિત કુટુંબના સભ્યને રહેમરાહે નિમણુંકો આપવાની સુધારેલ યોજના.

( સામાન્ય વહીવટ વિભાગનો ઠ. ક્ર : ભરત/૨૧૯૭/ક તા. ૧૦-૩-૨૦૦૦)


સામાન્ય વહીવટ વિભાગ

(કર્મચારીગણ પ્રભાગ/ક શાખા)

સરદાર ભવન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત

૨૦૦૦

**ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ--૩ અને ૪ ના કર્મચારીઓના આશ્રિત કુટુંબના એક સભ્યને રહેમરાહે નિમણૂકો આપવાની સુધારેલ યોજના અને તેની સંકલિત સૂચનાઓ બહાર પાડવા બાબત**

---

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
**ઠરાવ ક્રમાંક : ભરત--૨૧૯૭--ક,**
તારીખ : ૧૦ . ૩.૨૦૦૦

ઠરાવ :--

સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૩.૧૦.૭૫ના અ.સ. પત્ર ક્રમાંક:
ભરત--૧૧૭૩--યુઓ--૧૩૫૯--ક, હેઠળ સૌ પ્રથમ અમલમાં લાવવામાં આવેલ અને તેમાં અવાર નવાર
કરવામાં આવેલા સુધારાઓ સાથેની ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર કર્મચારીના આશ્રિત કુટુંબના
એક સભ્યને રહેમરાહે નિમણૂકો આપવાની યોજનાની પ્રવર્તમાન સૂચનાઓની, વિવિધ અદાલતોના ચુકાદાઓ,
" ધી ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસીએશન, ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ અને અન્ય કેટલાક
મંડળો" ની હાલની યોજનામાં નિયત કરવામાં આવેલ આવક મર્યાદા વધારવા કે દૂર કરવાની માગણીઓ અને
અન્ય કેટલીક વિચારણાઓને અનુલક્ષી, સમીક્ષા કરી સુધારેલ યોજના અને તેની સંકલિત સૂચનાઓ બહાર
પાડવાની બાબત કેટલાક સમયથી સરકારની વિચારણા હેઠળ હતી. આ સમગ્ર બાબતમાં કાળજીભરી અને
પુખ્ય વિચારણાને અંતે આ વિષય પરની હાલની તમામ સૂચનાઓ રદ કરી આ ઠરાવ સાથે જોડેલ
પરિશિષ્ટ--૧, મુજબની ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ--૩ અને ૪ ના કર્મચારીઓના આશ્રિત
કુટુંબના એક સભ્યને રહેમરાહે નિમણૂક આપવાની સુધારેલ યોજના અને તેની સંકલિત સૂચનાઓ અમલમાં
લાવવાનું સરકાર આથી ઠરાવે છે.

૨. રહેમરાહે નિમણૂકો આપવાની આ સુધારેલ યોજના અને તેની સંકલિત સૂચનાઓ આ ઠરાવની
તારીખ પછી અવસાન પામનારાના કેસોમાં લાગુ પડશે. જયારે તે પહેલાના કેસોમાં જે તે સમયે પ્રવર્તમાન
સૂચનાઓ લાગુ પડશે.

૩. આ ઠરાવ હેઠળની રહેમરાહે નિમણૂકો આપવાની આ યોજનાને કોઈ બંધારણીય પીઠબળ નથી.
એટલે આ યોજના હેઠળ રહેમરાહે નિમણૂક માટે કોઈ હકક પ્રસ્થાપિત થતો નથી. આવી નિમણૂક માટે આ
યોજના હેઠળ નિયત કર્યા પ્રમાણેની ખાલી જગ્યાઓની ઉપલબ્ધી સાથેની અન્યોના કેસોની જેમ જ નિમણૂક
માટેની અન્ય તમામ શરતો સંતોષવાને આધિન રહેશે.

૪. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. ૨૭.૧૦૯૯ના રોજ
મળેલ મંજૂરી અન્વયે રવાના કરવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બી.કે. પરમાર )
સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,
—માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી,
—માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
—મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
—વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,
—તમામ મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/ નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
—સચિવાલયના સર્વે વિભાગો / સર્વે ખાતાના વડાઓ

- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર,
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર,
- સચિવશ્રી,તકેદારી આયોગ, ગાંધીનગર,
- સચિવશ્રી,ગુજરાત મુલકી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર,
- રજીસ્ટારશ્રી, ગુજરાત હાઈકોર્ટ , અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,અમદવાદ

--એકાઉન્ટટ જનરલશ્રી,ગુજરાત રાજ્ય, અમદાવાદ,
--એડીશનલ એકાઉન્ટટ જનરલશ્રી, અમદાવાદ / ગાંધીનગર
—પે એન્ડ એકાઉન્ટ ઓફીસરશ્રી, અમદાવાદ / ગાંધીનગર
--રેસીડેન્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ / ગાંધીનગર,
—નિયામકશ્રી, સરદાર પટેલ રાજ્ય વહીવટ ભવન, અમદાવાદ—૧૫
—સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ,
--સીલેકટ ફાઈલ, ' ક ' શાખા,,
—પ્રમુખશ્રી ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસીએશન,ગાંધીનગર
—પ્રમુખશ્રી ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ, અમદાવાદ

---

- પત્ર ધ્વારા

## પરિશિષ્ટ–૧ : રહેમરાહે નિમણૂકો આપવાની સુધારેલ યોજના

૧. હેતુ –

કોઈપણ જીવન નિર્વાહના સાધન સિવાય નિરાધાર સ્થિતિમાં મૂકી ચાલુ નોકરી દરમિયાન અવસાન પામનાર કર્મચારીના આશ્રિત કુટુંબના એક સભ્યને રહેમરાહે નિમણૂક આપી, નાણાકીય ભીંસમાં રાહત આપવા અને આવી પડેલી આકસ્મિક કટોકટીને પહોંચી વળવામાં કુટુંબને મદદ કરવાનો આ યોજનાનો હેતુ છે.

૨. (એ) કોને લાગુ પડે છે –

(૧) આ યોજના હેઠળ રહેમરાહે નિમણૂક મેળવવા કોઈ આવક મર્યાદા લાગુ પડશે નહી.

(૨) નિયમિત ધોરણે નિમાયેલા અને ઓછામાં ઓછી પાંચ વર્ષની સેવા બજાવનાર ચાલુ નોકરી દરમિયાન અવસાન પામનાર વર્ગ–૩ અને વર્ગ–૪ના તેમજ વર્કચાર્જ મહેકમ પરના વર્ગ–૩ અને ૪ ના કર્મચારીઓના આશ્રિત કુટુંબના સભ્યને આ યોજના લાગુ પડશે. રોજમદારો, કેજ્યુએલ વર્કરો, એપ્રેન્ટીસો અને એડહોક, કોન્ટ્રેક્ટ કે પુનઃ નિયુક્તિના ધોરણે નિમાયેલાઓને આ યોજના લાગુ પડશે નહી.

(બી) આશ્રિત કુટુંબના સભ્ય કોણ ગણાશે –

અવસાન પામેલા કર્મચારીના–

(૧) કાયદેસરના પત્નિ કે પતિ,

(૨) પુત્ર કે અપરિણિત પુત્રી ( નિઃસંતાન કર્મચારીના કેસમાં તેની હયાતી દરમિયાન "હિન્દુ એડપ્શન એક્ટ, ૧૯૫૬" હેઠળ દત્તક વિધાન કરી કાયદેસર દત્તક લીધેલ સંતાન સાથે )

(સી) આશ્રિત કુટુંબના સભ્ય કોને ગણવાના નથી –

અવસાન પામેલા કર્મચારીના–

(૧) માતા,

(૨) પિતા,

(૩) ભાઈ,

(૪) બહેન,

(૫) અન્ય સગાઓ.

(ડી) જરુર પડે આશ્રિત કુટુંબના સભ્ય હોવાની ખાતરી કરવા અવસાન પામેલા કર્મચારીએ જે તે સમયે પોતાની મૃત્યુ–સહ–નિવૃત્તિ–ગ્રેજ્યુઈટી, પેન્શન, જનરલ પ્રોવિડન્ટ ફંડ/ વર્ધિત પ્રોવિડન્ટ ફંડ માટે કરેલ નોમીનેશન એક આધારભૂત દસ્તાવેજ ગણાશે.

૩. <u>રહેમરાહે નિમણૂક આપનાર સક્ષમ સત્તા</u> –

સચિવાલયના વિભાગોના કેસમાં સરકારના અધિક મુખ્ય સચિવ/ અગ્ર સચિવ/ સચિવ અને અન્ય કચેરીઓના કેસમાં નિમણૂકની સત્તા ધરાવનાર ખાતાઓના વડા/ કચેરીઓના વડા,

૪. <u>આવી નિમણૂક કઈ જગ્યા પર થઈ શકશે</u> –

સીધી ભરતીથી ભરવાના પ્રમાણ સામેની વર્ગ–૩ની સૌથી નિમ્ન કક્ષાની અને વર્ગ–૪ ની જગ્યાઓ ઉપર. આમ છતા, સચિવાલયના વિવિધ વિભાગો અને તેની નિયંત્રણ હેઠળના ખાતાઓ/ કચેરીઓમાં ઉપલબ્ધ ખાલી જગ્યાઓમાં સરકારી કામના હિતમાં અગ્રતાના ધોરણે પ્રથમ ભરવાની અનિવાર્યતાવાળી પોલીસ ખાતાની " પોલીસ કોન્સ્ટેબલ" અને જંગલ ખાતાની " બીટગાર્ડ" જેવી જગ્યાઓ પર જ પ્રથમ આવી નિમણૂકો આપવાની રહેશે અને એકવાર આપવામાં આવેલી આવી જગ્યાઓ પરની આવી નિમણૂકોનો અસ્વીકાર કરનારની રહેમરાહે નિમણૂક મેળવવાની પાત્રતા આપોઆપ કાયમ માટે રદ થયેલી ગણાશે અને પાછળથી તે અંગેનો કોઈ દાવો કરી શકાશે નહી.

૫. <u>પાત્રતા</u> –

(એ) નાણાકીય ભીસમાંથી રાહત આપવા તાત્કાલિક મદદને યોગ્ય જરુરિયાતવાળુ કુટુંબ પાત્ર ગણાશે,

(બી) આશ્રિત કુટુંબના એક કરતાં વધુ સભ્યોના કેસમા રહેમરાહે નિમણૂંક માટેની પાત્રતા સામાન્ય રીતે નીચે જણાવેલ અગ્રતાક્રમે નક્કી કરી શકાશે,

(૧) લાગતાં--વળગતાં કેસ પ્રમાણે વિધવા કે વિધુર,

(૨) આશ્રિત કુટુંબ જેના પર સંપૂર્ણ નિર્ભર હોય તે પુત્ર કે અપરિણિત પુત્રી (ઉપર--૨(બી) (૨) માં જણાવ્યા પ્રમાણેના દત્તક પુત્ર કે અપરિણિત પુત્રી સાથે),

(સી) રહેમરાહે નિમણૂંક માટેનો ઉમેદવાર નિમણૂંકવાળી જગ્યાના ભરતીના નિયમોની જોગવાઈઓ હેઠળ તમામ રીતે પાત્ર અને યોગ્ય હોવો જોઈએ જેમ કે --

(૧) ધોરણ--૪ થી ૯ ની શૈક્ષણિક લાયકાત ધરાવનાર વર્ગ--૪ ની,

(૨) એસ.એસ.સી. કે તેથી વધુ શૈક્ષણિક લાયકાત ધરાવનાર વર્ગ--૩ ની સૌથી નિમ્ન કક્ષાની,

(૩) ડ્રાઈવરની શૈક્ષણિક અને અન્ય લાયકાતો ધરાવનાર ડ્રાઈવરની અને

(૪) કોઈપણ શૈક્ષણિક લાયકાત ન ધરાવનાર અશિક્ષિતને જેના ભરતીના નિયમોમાં કોઈ શૈક્ષણિક લાયકાત નિયત કરવામાં આવી ન હોય તેવી વર્ગ--૪ ની હમાલ, સ્વીપર, પાણીવાળા, સફાઈ કામદાર જેવી જગ્યાઓ ઉપર નિમણૂંકો આપી શકાશે.

૬. (એ) <u>અપવાદો</u> --

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, એવા અન્ય મંડળો કે ભરતી એજન્સી મારફત કે રોજગાર વિનિમય કચેરીઓ વગેરે મારફત નામો મેળવી પસંદગી પામવાની ભરતીની કાર્યરીતિના પરિપાલનમાંથી મુક્તિ આપી રહેમરાહે નિમણૂકો આપી શકાશે.

(બી) <u>છૂટછાટો</u> --

(૧) ઉપલી કે લઘુત્તમ વય મર્યાદા ધરાવતા હોવાનું રહેમરાહે નિમણૂકની અરજીની તારીખના સંદર્ભમાં નક્કી કરવાનું રહેશે, નહીં કે નિમણૂકની તારીખના સંદર્ભમાં,

(૨) જ્યાં જ્યાં જરુર જણાય ત્યાં ઉપલી વય મર્યાદામાં છૂટ મૂકી શકાશે, પરંતુ જે તે જગ્યાના ભરતીના નિયમોમાં નિયત કરવામાં આવેલ ઉપલી વય મર્યાદા કરતાં વધુમાં વધુ ૨૦ વર્ષ કે ૪૫ વર્ષની ઉંમર, એ બે માંથી

જે ઓછુ હોય તેનાથી વધુ આવી છૂટ મૂકી શકાશે નહી, આમ છતાં; અવસાન પામેલા કર્મચારી નિઃસંતાન હોવાના, અપરિણિત પુત્રીઓ ન હોવાના, પુત્ર કે પુત્રી સગીર હોવાના કે વિધવા કે વિધુર સિવાય અન્ય કોઈ રહેમરાહે નિમણૂંકની પાત્રતા ન ધરાવતા હોવાના કેસોમાં વિધવા કે વિધુરને ઉપલી વય મર્યાદામાં ૪૮ વર્ષની ઉંમર સુધી છૂટ મૂકી શકાશે. જ્યારે જે તે જગ્યાના ભરતીના નિયમોમાં નિયત કરવામાં આવેલ લઘુત્તમ વય મર્યાદામાં કોઈ છૂટ મૂકી શકાશે નહી.

(૩) આ યોજના હેઠળની નિમણૂંકોમાં ઉપલી વય મર્યાદામાં ઉપર પ્રમાણેની છૂટ મૂકવાની સત્તા સરકારના અધિક મુખ્ય સચિવ/ અગ્ર સચિવ/ સચિવને રહેશે.

૭. <u>ખાલી જગ્યાઓની ઉપલબ્ધી/ ખાલી જગ્યાઓ નિર્શ્ચિત કરવી</u> -

(એ) રહેમરાહે નિમણૂંકો નિયમિત ધોરણે ઉપલબ્ધ નિયમિત ખાલી જગ્યાઓ પર જ કરવાની રહેશે. આવી નિમણૂકો રોજમદાર, કેજ્યુઅલ વર્કર, એપ્રેન્ટીસ, એડહોક કે કોન્ટ્રેક્ટ ધોરણે કરી શકાશે નહી.

(બી) સરકારી ખર્ચમાં કરકસરના કે એવા સરકારના નાણાં વિભાગના અવાર-નવારના અન્ય હુકમો/ સૂચનાઓને આધિન જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે જરુર હોય ત્યાં નિયત કાપ મુક્યા બાદ ભરવાપાત્ર ઉપલબ્ધ ખાલી જગ્યાઓ પર જ આવી નિમણૂંકો કરી શકાશે.

(સી) સરકારના સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૨૭. ૭. ૯૯ ના ઠરાવ ક્રમાંકઃ કપઅ-૧૦૯૭-મુમ-૫૨-ગ.૪ થી રહેમરાહે નિમણૂકોની યોજના હેઠળ નિમણૂકો આપવા ઉપલબ્ધ ખાલી જગ્યાઓની માહિતી મેળવવાની/ એકત્રિત કરવાની, તેના સંકલનની અને ઉમેદવારોની ફાળવણી કરવાની તમામ કામગીરી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને સોંપવામાં આવી છે. આથી, ઉપર (બી) માં જણાવેલી પ્રક્રિયા બાદ વર્ગ-૩ અને ૪ ની જેમ જેમ, જ્યારે જ્યારે અને જેટલી સંખ્યામાં ખાલી જગ્યાઓ ઉપલબ્ધ થતી જાય તેમ તેમ તેની સંપૂર્ણ માહિતી મંડળે નિયત કરેલ પત્રકમાં સચિવાલયના કેસમાં સચિવાલયના જે તે વિભાગે અને અન્ય કચેરીઓના કેસમાં જે તે ખાતાના વડાઓએ મંડળને બારોબાર એક નિયમિત પ્રથા તરીકે મોકલાવતા રહેવાનું રહેશે.

(ડી) ઉપર (સી) ને અનુલક્ષી ઉપલબ્ધ ખાલી જગ્યાઓની માહિતી નિયમિત મેળવતા રહેવા/ એકત્રિત કરવા મંડળે મંડળની જરૂરિયાત પ્રમાણેનું એક પત્રક નિયત કરવાનું રહેશે અને સચિવાલયના વિભાગો અને ખાતાના વડાઓ પાસેથી તે નિયમિત મેળવતા રહેવાની કાર્યપધ્ધતિ મંડળે નક્કી કરવાની રહેશે.

(ઈ) રહેમરાહે નિમણૂકો આપવાની આ યોજના હેઠળની નિમણૂકો આમ તો અવસાન પામેલા કર્મચારી જે વિભાગ/ ખાતા/ કચેરીમાં નોકરી કરતા હતા તે જ વિભાગ/ ખાતા/ કચેરી પૂરતી સિમિત રાખવાની નથી. છતાં, અવસાન પામેલા કર્મચારી જે વિભાગ/ ખાતા/ કચેરીમાં નોકરી કરતાં હતાં તે વિભાગ/ ખાતા/ કચેરીમાં રહેમરાહે નિમણૂકને યોગ્ય ખાલી જગ્યા ઉપલબ્ધ હોય તો આવી નિમણૂકો પ્રથમ તે જ વિભાગ/ ખાતા/ કચેરીમાં આપવાની રહેશે.

(એફ) ઉપર (ઈ)માં જણાવ્યા પ્રમાણેના વિભાગ/ ખાતા/ કચેરીમાં રહેમરાહે નિમણૂકને યોગ્ય ખાલી જગ્યા ઉપલબ્ધ ન હોય તો રહેમરાહે નિમણૂકને યોગ્ય ખાલી જગ્યાની ઉપલબ્ધીને આધારે રાજ્ય સેવાના કર્મચારીને તે સેવામાં આવતી ખાલી જગ્યા પર રાજ્ય સરકાર હેઠળની કોઈપણ વિભાગ/ ખાતા/ કચેરીમાં નિમણૂક આપી શકાશે.

(જી) અવસાન પામેલા પંચાયત સેવાના કર્મચારીના કેસમાં તે તેની હયાતી દરમ્યાન પણ રાજ્ય સેવામાં બદલીના નિમણૂકને પાત્ર ન હોવાની હકીકતે તે સેવાના કર્મચારીઓને રાજ્ય સેવાની નહી, પરંતુ તે સેવામાં આવતી ખાલી જગ્યા પર પંચાયતો હેઠળની કોઈપણ કચેરીમાં નિમણૂક આપવાની રહેશે. અલબત્ત, ઉપર(ઈ) માં જણાવેલ ધોરણ પ્રમાણે પંચાયત સેવાનાં કર્મચારીઓના કેસમાં પણ અવસાન પામેલા કર્મચારી જે ખાતા/ કચેરીમાં નોકરી કરતા હતા, તે ખાતા/ કચેરીમાં રહેમરાહે નિમણૂકને યોગ્ય ખાલી જગ્યા ઉપલબ્ધ હોય તો આવી નિમણૂકો પ્રથમ તે જ ખાતા/ કચેરીમાં આપવાની રહેશે.

(એચ) અવસાન પામેલા પંચાયત સેવાના કર્મચારીના કેસોમાં રહેમરાહે નિમણૂકો રાજ્ય સેવાની નહી, પરંતુ પંચાયત સેવામાં આવતી વર્ગ–૩ અને ૪ ની જગ્યાઓ પર પંચાયતો હેઠળની કચેરીઓમાં આપવાની હોવાથી આવી નિમણૂંકો માટે ઉપલબ્ધ ખાલી જગ્યાઓની માહિતી મેળવવાની/ એકત્રિત કરવાની, તેના સંકલનની અને ઉમેદવારોની પસંદગી, ભલામણ અને ફાળવણીની કામગીરી ગુ.ગૌ.સેવા.પસંદગી

મંડળ કરી શકે નહી. રાજય સેવાની જગ્યાઓ પરની રહેમરાહે નિમણૂકોની આવી કામગીરી જેમ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને સોંપવાના હુકમો કરવામાં આવ્યા છે તેમ સરકારના હુકમો મેળવી આ બાબતમાં જયાં સુધી સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ ધ્વારા આ કામગીરી કોઈ સત્તાને સોંપવાના હુકમો કરવામાં ન આવે ત્યાં સુધી ઉપર (બી) અને (સી)ને અનુસરી પંચાયત સેવાની વર્ગ–૩ અને ૪ ની જગ્યાઓ પર રહેમરાહે નિમણૂકો આપવા માટે ઉપલબ્ધ જગ્યાઓની માહિતી મેળવવાની/ એકત્રિત કરવાની અને તેના સંકલનની તમામ કામગીરી હાલની જેમ સરકારના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગએ ચાલુ રાખવાની રહેશે.

૮. <u>અરજી કરવાની સમય મર્યાદા</u> –

(એ) આ યોજના હેઠળ રહેમરાહે નિમણૂક મેળવવાની સંપૂર્ણ પૂર્તતા સાથેની અરજી સંબંધિત કર્મચારીના અવસાન પછી તુરત જ કરવાની રહેશે. સંબંધિત કર્મચારીના અવસાનની તારીખથી ત્રણ માસ બાદ કરવામાં આવેલી અરજી કોઈપણ સંજોગોમાં વિચારણામાં લેવામાં આવશે નહી.

(બી) આર્થિક ભીસમાંથી રાહત આપવા અને આવી પડેલ આકસ્મિક કટોકટીભરી પરિસ્થિતિમાંથી આશ્રિત કુટુંબને બહાર લાવવાની તાત્કાલિક મદદ કરવાનું આ યોજનાનું મૂળ પ્રયોજન હોવાથી કર્મચારીના અવસાન સમયે આશ્રિત કુટુંબના કોઈ સગીર સભ્યના પુખ્ત બનવા સુધી રાહ જોયા પછી કોઈ કેસમાં કોઈપણ સંજોગોમાં રહેમરાહે નિમણૂક આપવામાં આવશે નહી એટલે અવસાન પામેલા કર્મચારીની વિધવા કે વિધુર કે આશ્રિત કુટુંબના પાત્ર અન્ય કોઈ પુખ્ત સભ્યે કર્મચારીના અવસાન સમયની તેની શૈક્ષણિક લાયકાતને અનુરુપ વર્ગ–૩ ની સૌથી નિમ્ન કક્ષાની કે વર્ગ– ૪ ની જગ્યા પર રહેમરાહે નિમણૂક માટેની અરજી ઉપરની સમય મર્યાદામાં કરી શૈક્ષણિક લાયકાત પ્રમાણે મળવાપાત્ર જગ્યા પરની નિમણૂક સ્વીકારી જ લેવાની રહેશે. નિયત સમય મર્યાદામાં અરજી કરવામાં નિષ્ફળ જનારની કે તેની તે સમયની શૈક્ષણિક લાયકાત પ્રમાણે તેને આપવામાં આવેલી નિમણૂકનો અસ્વીકાર કરનાર વિધવા, વિધુર કે આશ્રિત કુટુંબના અન્ય કોઈ સભ્યની રહેમરાહે

નિમણૂક મેળવવાની પાત્રતા આપોઆપ કાયમ માટે રદ થયેલી ગણાશે અને પાછળથી તે અંગેનો કોઈ દાવો કરી શકાશે નહીં.

૯. <u>જયાં આશ્રિત કુટુંબનો સભ્ય કમાનાર હોય</u> –

આશ્રિત કુટુંબમાં જયા કોઈ સભ્ય કમાનાર હોય ત્યાં માત્ર અવસાન પામેલા કર્મચારીની વિધવા કે વિધુરને જ તેમની શૈક્ષણિક લાયકાતને અનુરૂપ વર્ગ–૩ ની સૌથી નિમ્ન કક્ષાની કે વર્ગ–૪ ની જગ્યા પર રહેમરાહે નિમણૂક આપી શકાશે. આશ્રિત કુટુંબના અન્ય કોઈ સભ્યને કોઈપણ સંજોગોમાં રહેમરાહે નિમણૂક આપી શકાશે નહીં. વિધવા કે વિધુરને રહેમરાહે નિમણૂક આપવાના આવા કેસોમાં જરૂર પડયે ઉપર ૬ (બી) (૨) માં જણાવેલ ૪૮ વર્ષની ઉપલી વય મર્યાદામાં સરકારની પૂર્વ મંજૂરી મેળવી છૂટ મૂકી શકાશે.

૧૦. <u>લાપતા કર્મચારી</u> –

નીચેની શરતોને આધિન લાપતા કર્મચારીઓના કેસો પણ રહેમરાહે નિમણૂકની આ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

(૧) જે તારીખથી કર્મચારી કર્મચારી લાપતા થયેલ હોય તે તારીખથી ઓછામાં ઓછા ૭ વર્ષ પસાર થયા પછી જ રહેમરાહે નિમણૂકનો લાભ આપવાની વિનંતી વિચારી શકાશે. આ માટે,

(એ) કર્મચારી લાપતા થયાની પોલીસમાં એફ.આઈ.આર. નોંધાયેલી હોવી જોઈએ,

(બી) લાપતા કર્મચારી શોધી શકાતા હોવા ન જોઈએ,

(સી) સક્ષમ સત્તાને સાચો કેસ હોવાનું લાગવું જોઈએ,

(ડી) જે તારીખથી કર્મચારી લાપતા થયેલ હોય તે તારીખથી ૭ વર્ષ સમાપ્ત થયા પછી તુરતની તારીખથી ઉપર ૮ માં નિયત કરવામાં આવેલ સમય મર્યાદામાં અરજી કરેલી હોવી જોઈએ.

(૨) નીચેના કર્મચારીને આ લાભ મળવાપાત્ર થશે નહી,

(એ) જે તારીખથી કર્મચારી લાપતા થયેલ હોય તે તારીખથી વય નિવૃત્તિએ નિવૃત્ત થવામાં બે વર્ષ કરતા ઓછો સમય હોય,

(બી) જેના પર છેતરપીડી કર્યાની કે કોઈ ત્રાસવાદી સંસ્થા/ તંત્રમાં જોડાયાની કે વિદેશ ગયાની શંકા હોય,

(૩) અન્યોના કેસોની જેમ જ લાપતા કર્મચારીના કેસમાં પણ રહેમરાહે નિમણૂક એ કાંઈ હકક ગણાશે નહી અને આવી નિમણૂક માટે આ યોજના હેઠળ નિયત કર્યા પ્રમાણેની ખાલી જગ્યાની ઉપલબ્ધી સાથેની તમામ શરતો સંતોષવાને આધિન જ રહેશે.

(૪) રહેમરાહે નિમણૂકની આવી વિનંતી વિચારણામાં લેતી વખતે પોલીસ તપાસના પરિણામોને પણ ધ્યાનમાં લેવાના રહેશે,

(૫) રહેમરાહે નિમણૂક માટેની આવી વિનંતી પર સંબંધિત વિભાગના સરકારના અધિક મુખ્ય સચિવ/ અગ્ર સચિવ/ સચિવ કક્ષાએ જ નિર્ણય લઈ શકાશે,

૧૧. <u>કાર્યરીતિ</u> –

(એ) રહેમરાહે નિમણૂકના કેસોમાં વિચારણા કરવા સૌ પ્રથમ અવસાન પામેલા કર્મચારી જે વિભાગ/ ખાતા/ કચેરીમાં અવસાન સમયે નોકરી કરતા હતા તે વિભાગ/ ખાતા/ કચેરીએ સંબંધિત કર્મચારીનું અવસાન થતાંની સાથે જ આ સાથે જોડેલ પરિશિષ્ટ – ૨ હેઠળ રહેમરાહે નિમણૂક મેળવવા નિયત કરવામાં આવેલ અરજીપત્રક આશ્રિત કુટુંબના જવાબદાર, સભ્યને મોકલી તે સંપૂર્ણ પૂર્તતા અને જરુરી એકરાર / બાયધરી સાથે ભરાવી મોડામાં મોડા એક માસમાં મેળવી લેવાની સંપૂર્ણ જવાબદારી સચિવાલયના વિભાગોના કેસમાં જે તે વિભાગના અધિક મુખ્ય સચિવ / અગ્ર સચિવ/ સચિવને અને અન્ય કચેરીઓના કેસમાં જે તે ખાતાના વડાઓને સોંપવામાં આવે છે.

(બી) જે તે વિભાગ/ ખાતા/ કચેરીએ આ માટે તેના કોઈ જાણકાર જવાબદાર અધિકારી/ કર્મચારીને આશ્રિત કુટુંબની રુબરુ મુલાકાત લેવા તાત્કાલિક મોકલીને કે આશ્રિત કુટુંબના જવાબદાર સભ્ય સાથે રહેમરાહે નિમણૂકને પાત્ર કુટુંબના અરજદાર સભ્યને તત્કાળ રુબરુ બોલાવી તેમને રહેમરાહે નિમણૂક આપવાની આ યોજનાની સમજ અને માર્ગદર્શન આપી તે માટેની જરુરિયાતો અને વિધિઓ દર્શાવી તેની પૂર્તતાની રુબરુમાં સલાહ આપી આ યોજના અનુસાર રહેમરાહે નિમણૂક મેળવવા આશ્રિત કુટુંબના પાત્ર એક સભ્યની સંપૂર્ણ પૂર્તતા સાથેની અરજી સચિવાલયના કેસમાં સચિવાલયના જે તે વિભાગે અને અન્ય કચેરીઓના કેસમાં ખાતાના વડાએ ઉપરની સમય મર્યાદામાં અચૂક મેળવી લેવાની રહેશે.

(સી) આ યોજના અનુસાર રહેમરાહે નિમણૂક માટેની આશ્રિત કુટુંબના પાત્ર એક સભ્યની ઉપર પ્રમાણે મેળવાયેલ અરજીની સચિવાલયના કેસમાં

જે તે વિભાગે અને અન્ય કચેરીઓના કેસમાં જે તે ખાતાના વડાએ યોગ્ય અગ્રતાના ધોરણે ચકાસણી કરી, ખૂટતી પૂર્તતા તાબડતોબ કરાવી લઈ, સંપૂર્ણ પૂર્તતા અને જરૂરી દસ્તાવેજો સાથેની અરજી કેસ પ્રમાણે સચિવાલયના જે તે વિભાગે અને ખાતાના વડાએ જરૂરી અભિપ્રાય સાથે સંબંધિત કર્મચારીના અવસાનની તારીખથી મોડામાં મોડા બે માસમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને બારોબાર મોકલી આપવાની રહેશે. આ સમય મર્યાદાનું ચૂસ્ત પાલન કરવાનું રહેશે.

(ડી) રહેમરાહે નિમણૂંક માટેની અરજી ઉપર પ્રમાણે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને મળતાં મંડળે તે પર રહેમરાહે નિમણૂંકો આપવાની આ સુધારેલ યોજના તેમજ આ વિષય પરના સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવેલા હુકમો / સૂચનાઓના સંદર્ભમાં ચકાસણી/ વિચારણા કરવાની રહેશે. આ માટે મંડળને આગલા માસ દરમિયાન મળેલી અરજીઓની ચકાસણી / વિચારણા કરવા મંડળના તમામ સભ્યોની એક બેઠક દરેક માસના બીજા અઠવાડિયામાં બોલાવવાની રહેશે. કેસની હકીકતોના વધુ સારા મૂલ્યાંકન માટે જરુર જણાય તો મંડળની આ બેઠકમાં રહેમરાહે નિમણૂંકના ઉમેદવારને રુબરુ સાંભળવા પણ બોલાવી શકાશે.

(ઈ) રહેમરાહે નિમણૂંકના ઉમેદવારોની મંડળ દ્વારા આ રીતે ચકાસણી/ વિચારણા કરાયા બાદ રહેમરાહે નિમણૂંક માટે પસંદ કરેલા / યોગ્ય ઠરાવેલા ઉમેદવારોની ઉપર ૭ (ઇ) અને (એફ) માં જણાવેલા ધોરણો અનુસરીને મંડળે જે વિભાગ/ ખાતા/ કચેરીમાં રહેમરાહે નિમણૂંકને યોગ્ય ખાલી જગ્યા ઉપલબ્ધ હોય તે વિભાગ/ ખાતા/ કચેરીને વિના વિલંબે ભલામણ/ ફાળવણી કરવાની રહેશે.

(એફ) મંડળ દ્વારા આવા ઉમેદવારોની ભલામણ / ફાળવણી થતાંની સાથે સરકારના પ્રવર્તમાન નીતિ-નિયમોને અનુસરીને શારીરિક યોગ્યતાનું દાકતરી પ્રમાણપત્ર મેળવવા જેવી ભરતીની તમામ પ્રક્રિયા અગ્રતાના ધોરણે પૂરી કરી નિમણૂંકની સત્તા ધરાવનાર સચિવાલયના વિભાગોના કેસમાં જે તે વિભાગના અધિક મુખ્ય સચિવ / અગ્ર સચિવ/ સચિવ અને અન્ય કચેરીઓના કેસમાં ખાતાના વડાઓ/ કચેરીઓના વડાઓએ તેમને તાત્કાલિક નિમણૂંકો આપવાની રહેશે.

(જી) વર્ગ– ૩ ઉપરાંત વર્ગ ૪ ની જગ્યાઓ પરની રહેમરાહે નિમણૂકોના ઉમેદવારોની પસંદગી, ભલામણ અને ફાળવણીની કામગીરી પણ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે જ કરવાની રહેશે.

(એચ) અવસાન પામેલા પંચાયત સેવાના કર્મચારીના કેસોમાં રહેમરાહે નિમણૂકની વિચારણા કરવા સૌ પ્રથમ અવસાન પામેલા કર્મચારી જુદી જુદી પંચાયતો હેઠળની જે કચેરીમાં અવસાન સમયે નોકરી કરતા હતા તે કચેરીએ સંબંધિત કર્મચારીનું અવસાન થતાંની સાથે જ આ સાથે જોડેલ પરિશિષ્ટ–૨ હેઠળ રહેમરાહે નિમણૂક મેળવવા નિયત કરવામાં આવેલ અરજીપત્રક આશ્રિત કુટુંબના જવાબદાર સભ્યને મોકલી તે સંપૂર્ણ પૂર્તતા અને જરુરી એકરાર / બાયધરી સાથે ભરાવી મોડામાં મોડા એક માસમાં મેળવી લેવાની સંપૂર્ણ જવાબદારી સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીને સોપવામાં આવે છે.

(આઈ) જે તે જિલ્લા વિકાસ અધિકારી / તાલુકા વિકાસ અધિકારીએ આ માટે તેના કોઈ જાણકાર જવાબદાર અધિકારી/ કર્મચારીને આશ્રિત કુટુંબની રુબરુ મુલાકાત લેવા તાત્કાલિક મોકલીને કે આશ્રિત કુટુંબના જવાબદાર સભ્ય સાથે રહેમરાહે નિમણૂકને પાત્ર કુટુંબના અરજદાર સભ્યને તત્કાળ રુબરુ બોલાવી તેમને રહેમરાહે નિમણૂકો આપવાની આ યોજનાની સમજ અને માર્ગદર્શન તેમજ તે માટેની જરુરિયાતો અને વિધિઓ દર્શાવી તેની પૂર્તતાની રુબરુમાં સલાહ આપી આ યોજના અનુસાર રહેમરાહે નિમણૂક મેળવવા આશ્રિત કુટુંબના પાત્ર એક સભ્યની સંપૂર્ણ પૂર્તતા સાથેની અરજી સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીએ કોઈપણ સંજોગોમાં ઉપરની સમય મર્યાદામાં અચૂક મેળવી લેવાની રહેશે.

(જે) આ યોજના અનુસાર રહેમરાહે નિમણૂક માટેની આશ્રિત કુટુંબના પાત્ર એક સભ્યની ઉપર પ્રમાણે મેળવાયેલ અરજીની જે તે જિલ્લા વિકાસ અધિકારીએ ટોચ અગ્રતાના ધોરણે ચકાસણી કરી, ખૂટતી પૂર્તતા તાબડતોબ કરાવી લઈ, સંપૂર્ણ પૂર્તતા અને જરુરી દસ્તાવેજો સાથેની અરજી તેમના જરુરી અભિપ્રાય સાથે સંબંધિત કર્મચારીના અવસાનની તારીખથી મોડામાં મોડા બે માસમાં સરકારના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને મોકલી આપવાની રહેશે. આ સમય મર્યાદાનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

(કે) પંચાયત સેવામાં આવતી જગ્યાઓ પર રહેમરાહે નિમણૂકની અરજીઓની ચકાસણી/ વિચારણા કરવા સરકારના પંચાયત ગ્રામ ગૃહ

નિર્માણ વિભાગ અને ગ્રામ વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવ / અગ્ર સચિવ/ સચિવે તે વિભાગના સરકારના અધિક સચિવ/ સંયુક્ત સચિવ/ નાયબ સચિવમાંથી એક અધ્યક્ષ અને બે સભ્યો એમ ત્રણ સભ્યોની હોદ્દાની રુએ બનેલી એક સ્થાઈ સમિતિની રચના કરવાની રહેશે.

(એલ) અવસાન પામેલા પંચાયત સેવાના કર્મચારીના આશ્રિત કુટુંબના પાત્ર એક સભ્યની રહેમરાહે નિમણૂક માટેની અરજી ઉપર પ્રમાણે સરકારના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને મળતાં તે વિભાગની ઉપર પ્રમાણે રચાયેલી સ્થાઈ સમિતિએ તે પર રહેમરાહે નિમણૂકો આપવાની આ સુધારેલ યોજના તેમજ આ વિષય પરના સરકારના સામાન્ય વહીવટ વિભાગ ધ્વારા વખતો વખત બહાર પાડવામાં આવેલા હુકમો/ સૂચનાઓના સંદર્ભમાં ચકાસણી/ વિચારણા કરવાની રહેશે. આ માટે વિભાગને આગલા માસ દરમિયાન મળેલી અરજીઓની ચકાસણી/ વિચારણા કરવા સમિતિના તમામ સભ્યોની એક બેઠક દરેક માસના બીજા અઠવાડિયામાં બોલાવવાની રહેશે. કેસની હકીકતોના વધુ સારા મૂલ્યાંકન માટે જરુર જણાય તો સમિતિની આ બેઠકમાં રહેમરાહે નિમણૂકના ઉમેદવારને રુબરુ સાંભળવા પણ બોલાવી શકાશે.

(એમ) રહેમરાહે નિમણૂંકના ઉમેદવારોની સમિતિ ધ્વારા આ રીતે ચકાસણી અને વિચારણા થયા બાદ સમિતિએ તેની ભલામણો વિભાગના અધિક મુખ્ય સચિવ / અગ્ર સચિવ/ સચિવની વિચારણા અને મંજૂરી માટે રજૂ કરવાની રહેશે. સમિતિની ભલામણો પર વિભાગના અધિક મુખ્ય સચિવ/ અગ્ર સચિવ/ સચિવની મંજૂરી મળ્યા પછી રહેમરાહે નિમણૂક માટે પસંદગી પામેલા/ યોગ્ય ઠરાવેલા ઉમેદવારોની ઉપર ૭ (જી) માં જણાવેલા ધોરણો અનુસરીને વિભાગે જે જિલ્લા વિકાસ અધિકારીના નિયંત્રણ હેઠળની જે કચેરીમાં રહેમરાહે નિમણૂકને યોગ્ય ખાલી જગ્યા ઉપલબ્ધ હોય તે જિલ્લા વિકાસ અધિકારી વિના વિલંબે ફાળવણી કરવાની રહેશે.

(એન) સરકારના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ ધ્વારા આવા ઉમેદવારોની ફાળવણી થતાંની સાથે વર્તમાન નીતિ–નિયમોને અનુસરીને શારીરિક યોગ્યતાનું દાક્તરી પ્રમાણપત્ર મેળવવા જેવી ભરતીની તમામ પ્રક્રિયા અગ્રતાના ધોરણે પૂરી કરી સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીએ તેમને તાત્કાલિક નિમણૂકો આપવાની રહેશે.

૧૨. <u>બાયધરી</u> –

રહેમરાહે નિમણૂકની આ યોજના હેઠળ નિમાયેલી વ્યક્તિએ કુટુંબના અન્ય સભ્યોકે જે અવસાન પામેલા કર્મચારી પર નિર્ભર હતા તેમને તે સારી રીતે નિભાવશે અને કુટુંબના સભ્યોની દરકાર રાખવામાં આવતી નથી કે તેમને સારી રીતે નિભાવવામાં આવતા નથી એવું પાછળથી જો પૂરવાર થશે તો તેની નિમણૂક તુરત જ સમાપ્ત કરવામાં આવશે, એવી બાયધરી આ સાથે જોડેલ પરિશિષ્ટ–૨ હેઠળ નિયત કરવામાં આવેલ એકરાર/ બાયધરી લેખિતમાં આપવાની રહેશે.

૧૩. <u>જગ્યામાં / વ્યક્તિમાં ફેરફારની વિનંતી</u> –

જ્યારે એક વ્યક્તિ કોઈ એક જગ્યા પર રહેમરાહે નિમાઈ જાય ત્યારે તેને આવી નિમણૂક તરફ દોરી જનારા સંજોગોની હયાતી સમાપ્ત થયેલી ગણાવી જોઈએ અને એટલા માટે ,

(૧) રહેમિયતની વિચારણા પર ઉપલી જગ્યાએ/ અન્ય જગ્યાએ નિમણૂક માટેની કોઈ વિનંતીનો અચૂકપણે અસ્વીકાર કરવાનો રહેશે,

(૨) રહેમરાહે કરવામાં આવેલી નિમણૂકની તબદીલી કોઈ બીજી વ્યક્તિને કરી શકાશે નહીં અને રહેમિયતની વિચારણા પર આવી કોઈ વિનંતીનો અચૂકપણે અસ્વીકાર કરવાનો રહેશે.

૧૪. <u>પ્રવરતા</u> –

(એ) રહેમરાહે નિમણૂક પામેલી વ્યક્તિઓની માંહોમાંહેની પ્રવરતા નિમણૂકની તારીખના સંદર્ભમાં નકકી કરાશે. સીધી ભરતી અને બઢતીથી નિમાયેલાઓ વચ્ચેની પ્રવરતા નકકી કરવાના યથાસમયના સિધ્ધાંતોને આધિન સીધી ભરતીથી/ બઢતીથી નિમાયેલાઓની માંહોમાંહેની પ્રવરતામાં ફેરફાર કર્યા સિવાય સીધી ભરતીથી/ બઢતીથી/ નિમાયેલાઓની સાથે રહેમરાહે નિમણૂક પામેલી વ્યક્તિઓને તેમની નિમણૂકની તારીખના સંદર્ભમાં પ્રવરતામાં દાખલ કરવામાં આવશે.

(બી) પૂર્વ સેવા તાલીમ મેળવી તાલીમાન્ત પરીક્ષા નિયત તકોમાં પાસ કરનારાના કેસોમાં રહેમરાહે નિમણૂક પામેલી વ્યક્તિની હાજર થવાની તારીખને તેની નિયમિત નિમણૂકની તારીખ તરીકે ગણવામાં આવશે.

૧૫. <u>સામાન્ય</u> –

(એ) રહેમરાહે આપવામાં આવેલી નિમણૂક સ્વીકાર્યા બાદ એકવાર નિમણૂકવાળી જગ્યા પર હાજર થયા પછી રહેમરાહે નિમણૂક પામેલી વ્યક્તિ, એ એક કર્મચારી બને છે અને તેને પણ અન્ય કર્મચારીઓની જેમ જ ગુજરાત રાજ્ય સેવા ( વર્તણૂક) નિયમો ૧૯૭૧ અને ગુજરાત રાજ્ય (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ નિયમો સહિત રાજ્ય/ પંચાયત સેવાની તમામ સામાન્ય શરતો સમાન રીતે જ આપોઆપ લાગુ પડે છે. એટલે નિમણૂકવાળી જગ્યાના ભરતીના નિયમો, ભરતી પરીક્ષા નિયમો અને અન્ય નિયમો અન્વયે પૂર્વ સેવા તાલીમ લેવાનું, નિયત તકોમાં તાલીમાન્ત પરીક્ષા પાસ કરવાનું અને નિયમો અન્વયે જરુરી હોય ત્યાં ભાષા અને ખાતાકીય પરીક્ષાઓ પાસ કરવાનું અન્ય રીતે નિમાયેલા કર્મચારીઓની જેમ જ બંધનકારક રહેશે.

(બી) પૂર્વ સેવા તાલીમાન્ત પરીક્ષા નિયત તકોમાં પસાર કરવામાં નિષ્ફળ જનાર રહેમરાહે નિમણૂક પામનારના કેસોમાં રહેમરાહે નિમણૂક પામેલ વિધવાને નોકરીમાંથી છૂટા કરવામાં આવશે નહી, પરંતુ તાલીમાન્ત પરીક્ષા પસાર કર્યા પછી જ પ્રવરતા, બઢતી, ઈજાફો, ઉચ્ચત્તર પગાર ધોરણ વગેરે મેળવવા પાત્ર બનશે એવી શરત સ્વીકારવાની બાયધરી તેમણે આપવાની રહેશે, જ્યારે અન્યોને યથા સમયે એ પ્રમાણેના નિયમો પ્રવર્તમાન હોય તો નોકરીમાંથી છૂટા કરવામાં આવશે અને ઘેર બેસીને નિયમ અન્વયે મળવાપાત્ર તકો/ કૃપા તકોમાં પૂર્વ સેવા તાલીમાન્ત પરીક્ષા પસાર કરવાનીા રહેશે. જો તેમ કરવામાં પણ નિષ્ફળ જશે તો તેમની નિમણૂક તુરત જ સમાપ્ત કરવામાં આવશે.

(સી) રહેમરાહે નિમણૂક માટે અવસાન પામનાર કર્મચારીના આશ્રિત કુટુંબના પાત્ર સભ્ય/ સભ્યો શૈક્ષણિક વગેરે લાયકાતો કે અવસાન પામનાર કર્મચારીએ તેના અવસાન વખતે ધારણ કરેલ જગ્યાના હોદ્દા/ મોભા સાથે રહેમરાહે નિમણૂકનો કોઈ સંબંધ ન હોઈ કોઈ સરખામણી કરી શકાશે નહી. એટલે આશ્રિત કુટુંબના પાત્ર અરજદાર સભ્યની હેસીયત/ મોભો કે તેની ઉંચી શૈક્ષણિક લાયકાત પ્રમાણેની જગ્યા પર નિમણૂક આપવાનો

રહેમરાહે નિમણૂક આપવાની સમગ્ર યોજનાનો હેતુ ન હોઈ, વર્ગ—૩ ની નિમ્ન કક્ષાથી ઉપલી જગ્યા પર નિમણૂક આપવાની માંગણી કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહી.

(બી.કે. પરમાર)
સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

## પરિશિષ્ટ–૨

### ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર કર્મચારીના આશ્રિતોએ નોકરી મેળવવાનું અરજીપત્રક

**ભાગ–૧**

૧. (એ) અવસાન પામનાર કર્મચારીનું

(૧) નામ

(૨) જન્મ તારીખ

(૩) હોદ્દો

(૪) તે હોદ્દો વર્ગ–૪નો છે કે નહી

(૫) અવસાનની તારીખ

(૬) વય નિવૃત્તિએ નિવૃત થવાની તારીખ

બજાવેલી કુલ સેવાનો સમયગાળો

(વર્ષ, માસ અને દિવસ સાથે)

કાયમી કે હંગામી ?

(૭) અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ/ સામાજિક

અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના છે ?

(બી) રહેમરાહે નિમણૂક માટેના ઉમેદવારનું

(૧) નામ

(૨) હાલનુ સરનામુ

(૩) અવસાન પામનાર કર્મચારી

સાથેનો તેનો/ તેણીનો સંબંધ

(૪) જન્મ તારીખ

(૫) ઉંમર

(૬) શૈક્ષણિક લાયકાતો

(૭) આશ્રિત કુટુંબના અન્ય કોઈ

સભ્ય રહેમરાહે નિમાયેલા છે ?

(સી) મળેલ નીચેની રકમ સાથે છોડી ગયેલ કુલ અસ્કયામતોની વિગતો

(૧) કુટુંબ પેન્શન

(૨) મૃત્યુ સહ નિવૃત્તિ ગ્રેજ્યુઈટી

(૩) સા.ભ.નિ.ની જમા રકમ

(૪) જીવન વીમાની પોલીસીઓ

( પોસ્ટલ વીમા પોલીસી સહિતી)

(૫) સ્થાઈ અને જંગમ મિલકતો અને તેમાં કુટુંબ ધ્વારા કમાવાની વાર્ષિક આવક

(૬) રાજ્યની જુથ વીમા યોજના

(૭) રજાનું રોકડમાં રુપાંતર

(૮) અન્ય કાંઈ અસ્કયામતો

કુલ

(ડી) જો કાંઈ જવાબદારીઓ હોય તો તેની ટૂંકી વિગતો

(ઈ) અવસાન પામનાર કર્મચારીના આશ્રિત કુટુંબના તમામ સભ્યોની વિગતો ( આમાના જો કેટલાક નોકરી/ ધંધામાં હોય તો તેમની આવક અને તેઓ એક સાથે રહે છે કે અલગ-અલગ)

| અ.નં | નામ/નામો | અવસાન પામેલ કર્મચારી સાથેના સંબંધ | ઉંમર (જ.તા. સાથે) | ર્શૈક્ષણિક લાયકાતો | સરનામુ | નોકરીમાં છે કે નહી ( જો નોકરીમાં હોય તો નોકરી અને વેતનની વિગતો) | ધંધામાં છે કે નહી ( જો ધંધામાં હોય તો ધંધા અને વેતનની વિગતો) | પરિણિત કે અપિરિણિત | એક સાથે રહે છે કે અલગ અલગ | વિશેષ નોંધ, જો કોઈ હોય તો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| | | | | | | | | | | |

( નોંધ – જરુર પડયે અલગ કાપલીમાં આ માહિતી આપવી)

## એકરાર/ બાયહેધરી

૧. હું આથી એકરાર કરું છું કે ઉપર જણાવેલી હકીકતો મારી શ્રેષ્ઠ જાણકારી મુજબ સાચી છે. ઉપર જણાવેલી કોઈ હકીકતો ભવિષ્યમાં અસત્ય કે ખોટી હોવાનું જણાશે તો મારી સેવાઓ સમાપ્ત કરી શકાશે.

૨. હું આથી એ પણ એકરાર કરું છું કે કુટુંબના અન્ય સભ્યો કે જે અવસાન પામેલા કર્મચારી પર નિર્ભર હતા તેમને હું સારી રીતે નિભાવીશ અને તે કુટુંબના સભ્યોની હું દરકાર રાખતો નથી કે સારી રીતે નિભાવતો નથી, એવું ગમે ત્યારે જો પૂરવાર થશે તો મારી નિમણૂક સમાપ્ત કરી શકાશે.

તારીખ : ઉમેદવારની સહી

નામ :

સરનામું :

શ્રી / શ્રીમતી / કુ.............................................. ને હું જાણું છું અને તેમના દ્વારા જણાવવામાં આવેલી હકીકતો સાચી છે.

તારીખ : કાયમી કર્મચારીની સહી

નામ :

સરનામું :

મેં ખાતરી કરી છે કે ઉમેદવાર દ્વારા ઉપર જણાવવામાં આવેલી હકીકતો સાચી છે.

તારીખ : વિભાગ/ ખાતાના વડાની સહી

નામ :

કચેરીનો સિક્કો/ સીલ

હોદ્દો

ભાગ–૨

( અવસાન પામનાર કર્મચારી જે વિભાગ/ ખાતા/ કચેરીમાં નોકરી કરતા હતા તે વિભાગ/ ખાતા/ કચેરીએ ભરવાનું )

(એ) (૧) રહેમરાહે નિમણૂક માટેના ઉમેદવારનું નામ

(૨) અવસાન પામનાર ક
સાથેનો તેનો/તેણીનો સંબંધ

(૩) જન્મ તારીખ

(૪) ઉંમર

(૫) શૈક્ષણિક લાયકાતો

(૬) જો કાંઈ અનુભવ મેળવેલ હોય તો

(૭) જગ્યાનું નામ કે જે પર નિમણૂક આપવા સૂચવાયું છે. તે વર્ગ-૩ કે ૪ની છે કે કેમ (જે વર્ગમાં હોય તે વર્ગ જણાવવો)

(૮) રહેમરાહે નિમણૂકની યોજના હેઠળ રહેમરાહે નિમણૂકને યોગ્ય ખાલી જગ્યા છે કે કેમ (ખાલી જગ્યાનું સ્પષ્ટ નામ દર્શાવવું.)

(૯) રહેમરાહે નિમણૂકથી જે જગ્યા ભરવાની છે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ એવા અન્ય મંડળો કે કોઈ ભરતી એજન્સીના ક્ષેત્રાધિકારમાં આવે છે કે કેમ કે તે રોજગાર વિનિમય કચેરી વગેરે મારફત નામો મેળવી પસંદગી કરી ભરવામાં આવે છે કે કેમ
(જેના ક્ષેત્રાધિકારમાં આવતી હોય અને જે રીતે ભરવામાં આવતી હોય તે સ્પષ્ટ જણાવવું)

(૧૦) લાગતા વળગતા ભરતીના નિયમોમાં સીધી ભરતીથી જોગવાઈ છે કે કેમ

(૧૧) જે તે જગ્યા માટેના ભરતી નિયમોની જરુરિયાતો ઉમેદવાર સંતોષે છે કે કેમ

(૧૨) ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, એવા અન્ય મંડળો કે ભરતી એજન્સી કે રોજગાર વિનિમય કચેરીઓ મારફત નામો મેળવી પસંદગી પામવાની ભરતીની કાર્યરીતિ ઉપરાંત અન્ય કઈ બીજી છૂટછાટો આપવાની છે ?

(બી) ભાગ-૧ જણાવવામાં આવેલી હકીકતોની જે તે વિભાગ/ખાતા/ કચેરી દ્વારા ખાતરી કરવામાં આવી છે કે કેમ અને જો તેમ કરવામાં

આવ્યુ હોય તો કયા રેકોર્ડને આધારે ( જે રેકોર્ડનો આધાર લેવામાં આવેલ હોય તે સ્પષ્ટ જણાવવું)

(સી) વિભાગનો / ખાતાનો અંગત અભિપ્રાય/ ભલામણ

સહી

નામ :

કચેરીનો સિક્કો/સીલ

A324 / ખાનગી

અ.સ.પત્ર ક્રમાંક:ભરત-૧૨૦૧-૯૧૦(૧)ક
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર,
તારીખ: ૭ -૯-૨૦૦૨

પ્રતિ,
સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી / અ.મુ.સ.શ્રી
સચિવાલયના સર્વે વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

વિષય: તા. ૧૩-૧૦-'૭૫ થી તા. ૧૦-૩-૨૦૦૦ સુધીની રહેમરાહે નિમણૂંક અંગેની યોજનામાં સ્પષ્ટતાઓ કરવા બાબત..

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના અનુસંધાને સાદર જણાવવાનું કે રાજ્ય સરકારની રહેમરાહે નિમણૂંકની યોજના તા. ૧૩-૧૦-૭૫ થી દાખલ થયેલ છે, જેના અમલીકરણમાં સમયાંતરે ઉપસ્થિત થયેલ પ્રશ્નો અંગેની રજૂઆતો જુદા જુદા વિભાગો તરફથી સામાન્ય વહીવટ વિભાગ પાસે આવેલ છે. આવી રજૂઆતો અંગેના નિર્ણયોમાં એકસૂત્રતા લાવી શકાય તે હેતુથી, રહેમરાહે નિમણૂંકની તા.૧૦-૩-૨૦૦૦ પહેલાંની યોજનામાં ઉદ્‌ભવેલા જુદા જુદા પ્રશ્નોનો અભ્યાસ કરી તેના નિરાકરણ માટે શું થઈ શકે તે બાબતે વિચારણા કરી રાજ્ય સરકારને ભલામણ કરવા સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૨-૪-૨૦૦૨ ના ઠરાવ ક્રમાંક: ભરત-૧૨૦૧-૯૧૦-ક અન્વયે ઉચ્ચ અધિકારીઓની એક સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિ દ્વારા કરવામાં આવેલ ભલામણો પર પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રીએ સ્વીકારેલ ભલામણો અન્વયે આવક મર્યાદા અને તેને આનુષાંગિક હેતુઓ પૂરતું આ વિભાગનો તા. ૧૦-૩-૨૦૦૦ નો ઠરાવ તા. ૧-૧-'૯૬ થી લાગુ પાડવા તા.૭-૯-૨૦૦૨ ના ઠરાવ ક્રમાંક:.ભરત-૧૨૦૧-૯૧૦-(૨)ક.થી ઠરાવેલ છે. આથી તા.૧-૧-'૯૬ પહેલાંની રહેમરાહે નિમણૂંકની યોજનાના અમલીકરણમાંથી ઉદ્‌ભવેલી બાબતો માટે નીચે મુજબની સ્પષ્ટતાઓ કરવામાં આવે છે:-

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા. ૩-૩-'૯૯ના અ.સ.પત્ર ક્રમાંક : ભરત-૧૭૯૭-૧૩૩૮-ક માં જણાવ્યા અનુસાર રહેમરાહે નિમણૂંક માટે સ્વર્ગસ્થ કર્મચારીના કુટુંબની કુલ આવકની ગણતરીમાં છુટક મજુરીની આવક ગણતરીમાં લેવાની રહેતી નથી.પરંતુ આવા કેસોમાં કુટુંબના કોઈપણ સભ્ય છુટક મજુરી કરે છે કે કેમ તેની પૂરી ચકાસણી કરવાની રહે છે આથી આશ્રિત કુટુંબની થતી આવક છુટક મજુરીની છે કે કેમ તે નક્કી કરવું જરુરી બને છે આ બાબતમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે, હાલની સૂચનાઓમાં "છુટક મજુરી " એ શબ્દો પ્રયોજાયા છે તે શબ્દોને બદલે " પ્રાસંગિક આવક" શબ્દો ગણવા. જેનો અર્થ નિયમિત નહી પરંતુ "પ્રસંગોપાત થતી આવક" એવો થાય છે.આ સંદર્ભમાં આશ્રિત કુટુંબને નિયમિત રીતે નહી પરંતુ પ્રસંગોપાત થતી આવકને ગણતરીમાં લેવી નહી, કેમ કે તે કાયમી પ્રકારની આવક નથી તથા તેવી રકમ નક્કી કરવા માટે કોઈ ચોકક્સ કાર્યપધ્ધતિ કે માપદંડ નિશ્ચિત થઈ શકે નહી. આ સ્પષ્ટતા તા. ૩૧-૧૨-'૯૫ સુધીમાં અવસાન પામેલ કર્મચારીઓ / અધિકારીઓના આશ્રિતોના રહેમરાહે નિમણૂંકોના માત્ર એવા કેસોમાં લાગુ પડશે કે જે હજુ સુધી અનિર્ણિત હોય .

(૨) તા.૧-૧-'૯૬ પહેલાંના કેસોમાં લાગુ પડતી રહેમરાહે નિમણૂંકની જોગવાઈ અનુસાર તે કેસોમાં અવસાન સમયે કુટુંબની સાથે રહેતા હોય તેવા તમામ સભ્યોની આવક ધ્યાને લેવાની રહે છે જ્યારે અવસાન પહેલાં અલગ થયેલ કુટુંબના સભ્યોની આવક ધ્યાને લેવામાં આવતી નથી આ હેતુ માટે ફક્ત રેશન કાર્ડને જ આધારભૂત ગણવામાં આવે છે. પરંતુ રેશનકાર્ડ ઉપલબ્ધ ન હોય તેવા સંજોગોમાં રેશનકાર્ડ ઉપરાંત આધારભૂત ગણી શકાય તેવા અન્ય પુરાવા કે દસ્તાવેજ જેવા કે આશ્રિત કુટુંબના સભ્ય સરકારી મકાન ધરાવતા હોય તો મકાન ફાળવણીનો હુકમ અથવા અન્ય આધારભૂત પુરાવા તથા સરકારી મકાન ધરાવતા ન હોય તો લાઈટ બીલ,ટેલીફોન બીલ,મકાન વેરો, પાણી વેરો કે ગટર વેરો ભરવા અંગેનું બીલ તથા ચૂંટણીના સંદર્ભમાં મતદાતાની ઓળખ માટે વપરાતા દસ્તાવેજો કે જેમાં અલગ રહેતા કુટુંબના સભ્યોના નામ, સરનામાનો ઉલ્લેખ હોય તેવા દસ્તાવેજો રહેમરાહે નિમણૂંક માટે આશ્રિતની વ્યાખ્યામાં આવતા કુટુંબના સભ્ય

કુટુંબની સાથે રહે છે કે જુદા તે નક્કી કરવા માટે ધ્યાને લઈ શકાશે.આ સ્પષ્ટતા તા.૩૧-૧૨-૯૫ સુધીમાં અવસાન પામેલા કર્મચારીઓના આશ્રિતોના અનિર્ણિત કેસોમાં જ લાગું પડશે.

(૩) તા. ૧-૧-'૯૬ પહેલાં ચાલુ નોકરીએ અવસાન પામેલા સરકારી કર્મચારીઓના આશ્રિતોના રહેમરાહે નિમણુંકના જે કેસો અનિર્ણિત હોય તેવા કેસોનો નિકાલ આવક અને આવક મર્યાદા સંદર્ભે સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૪-૨-'૯૯ તથા તા. ૧-૯-'૯૯ ના અ.સ.પત્ર ક્રમાંકઃ ભરત-૧૦૯૭-૬૦-ક માં અપાયેલ સૂચના અનુસાર કરવાનો રહેશે.

(૪) વિચારણા હેઠળના કેસો કે જેમાં રહેમરાહે નિમણુંક આપવાની કાર્યવાહી પૂરી થયેલ નથી તેવા કેસોમાં આશ્રિતોને જે જગ્યા પર નિમણુંક મળવાપાત્ર હોય તે જગ્યાનુ પગાર ધોરણ , પગાર કે સેવાની અન્ય શરતો કોઈપણ હોય તે છતાં જ્યારે સબંધિત આશ્રિતને વાસ્તવમાં જે જગ્યા પર નિમણુંક આપતા હુકમો કરવામાં આવે તે તારીખે તે જગ્યાના પગાર ધોરણ / પગાર કે સેવાની જે અન્ય શરતો હોય તે જ લાગું પડશે.

(૫) રહેમરાહે નિમણુંકો,આશ્રિતની શૈક્ષણિક લાયકાત અનુસાર વર્ગઃ૩ની નિમ્ન કક્ષાની જગ્યાઓ અને વર્ગઃ૪ ની જગ્યાઓમાં આપવામાં આવે છે.આ જોગવાઈમાં વધુ સ્પષ્ટતા કરવામાં આવે છે કે રહેમરાહે નિમણુંકો માટે જગ્યાની વિચારણા કરતી વખતે વર્ગઃ૪ અને કારકુન, કારકુન-ટાઈપીસ્ટ તથા ટાઈપીસ્ટની જગ્યાઓ ઉપરાંત પોલીસ કોન્સ્ટેબલ તથા બીટ ગાર્ડ જેવી જુદા જુદા પ્રકારની તકનીકી અને બિન તકનીકી હોય તેવી વર્ગઃ૩ ની નિમ્ન કક્ષાની ( જુનિયર કારકુન સમકક્ષ પગાર ધોરણ ધરાવતી જગ્યાઓ ).અને વર્ગઃ૪ ની જગ્યાઓનું કોમન પુલ બનાવીને તેવી જગ્યાઓને પણ રહેમરાહે નિમણુંક આપતી વખતે વિચારણામાં લેવાની રહેશે. જે જગ્યાઓ તકનીકી પ્રકારની હોય અને ઉમેદવારો જરુરી લાયકાત ધરાવતા હોય તો તેઓને તકનીકી જગ્યા પર જ નિમણુંક આપવાની રહે છે. આવી કોમનપુલમાંની તકનીકી અને બિન તકનીકી જગ્યાઓ ભરાઈ જાય ત્યારબાદ જ કારકુન કે પટાવાળા જેવી વહીવટી જગ્યાઓ નિમણુંક માટે વિચારણામાં લઈ શકાશે. નિમણુંક માટે માટેની જગ્યાઓનો વ્યાપ વધારવાના હેતુસર તકનીકી અને બિન તકનીકી જગ્યાઓની યાદી સમયાંતરે અલગ રીતે બહાર પાડવામાં આવશે.

(૬) ઉપલી વય મર્યાદામાં છૂટ મૂકવાની સત્તા સરકારના સચિવ / અગ્ર સચિવ / અધિક મુખ્ય સચિવને આપવામાં આવી છે તે વ્યવસ્થામાં ફેરફાર કરીને નિમણુંકની કાર્યવાહીમાં ઝડપ આવે તે હેતુસર હવે આ સત્તા પોતાના ક્ષેત્રાધિકાર હેઠળની ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓ તથા ક્ષેત્રિય કચેરીઓ અને જે તે ખાતાના વડાની કચેરી પૂરતું સબંધીત ખાતાના વડાને તથા સચિવાલયના વિભાગોમાં જે તે વિભાગના અધિક મુખ્ય સચિવ/ અગ્ર સચિવ / સચિવને આપવામાં આવે છે."Pooling Of Vacancies" ને કારણે જો રહેમરાહે નિમણુંક સ્વર્ગસ્થ કર્મચારીના મૂળ વિભાગ કે કચેરી સિવાયના અન્ય વિભાગ, કે કચેરીમાં / હેઠળ થતી હોય તો જે તે જગ્યા પર નિમણુંક આપવા માટેની સત્તા ધરાવતા અધિકારીએ આવી સત્તાનો ઉપયોગ કરવાનો રહેશે આ વ્યવસ્થા પ્રસ્તુત ઠરાવ બહાર પાડયાની તારીખે અનિર્ણિત કેસોમાં લાગુ પડશે.

(૭) આ સૂચનાઓ પંચાયત સેવાના કેસોમાં પણ લાગું પડશે.

આપનો સ્નેહાધીન,

(જય. વી. પટેલ)

સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામતા સરકારી કર્મચારીઓના આશ્રિત કુટુંબના સભ્યને રહેમરાહે નોકરી આપવા બાબત....

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃભરત-૧૨૦૧-૯૧૦(૨)-ક,
સચિવાલય, ગાંધીનગર,
તારીખઃ ૭-૯-૨૦૦૨

વંચાણે લીધાઃ- (૧)સા. વ.વિ. નો તા. ૧૦-૩-૨૦૦૦ નો ઠરાવ ક્રમાંકઃ ભરત-૨૯૯૭-ક
(૨) સા.વ.વિ.નો તા. ૧૨-૪-૨૦૦૨ નો ઠરાવ ક્રમાંકઃક્રમાંકઃભરત ૧૨૦૧-૯૧૦-ક.

ઠરાવ :-

ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર સરકારી કર્મચારીઓના આશ્રિત કુટુંબના એક સભ્યને રહેમરાહે નોકરી આપવાની યોજના રાજ્ય સરકારે તા.૧૩-૧૦-૭૫ના અ.સ.પત્ર ક્રમાંકઃ ભરત- ૧૧૭૩- યુ.ઓ. -૧૩૬૯-ક,અન્વયે અમલમાં મૂકેલ છે. ત્યારબાદ તેમાં સમયાંતરે સુધારા થયેલ છે.ઉપર સંદર્ભમાં ક્રમ (૧) માં દર્શાવેલ તા. ૧૦-૩-૨૦૦૦ના ઠરાવથી રહેમરાહે નિમણુંકો આપવાની સુધારેલ યોજના અને તે અંગેની સંકલિત સૂચનાઓ બહાર પાડવામાં આવી છે.

રહેમરાહે નિમણુંકની યોજના અંતર્ગત આશ્રિતને નિમણુંક આપવા માટેની શરતોમાં છૂટછાટ આપવા માટેની અનેક દરખાસ્તો સામાન્ય વહીવટ વિભાગ સમક્ષ રજુ કરવામાં આવે છે આવી દરખાસ્તોમાં ઉપસ્થિત થયેલ નીતિ વિષયક મુદ્દાઓ પરત્વે વિચારણા કરી રાજ્ય સરકારને યોગ્ય ભલામણ કરવા તથા યોજનાની સર્વાંગી સમીક્ષા માટે રાજ્ય સરકાર દ્વારા ઉપર સંદર્ભ (૨)માં દર્શાવેલ સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૨-૪-૨૦૦૨ ના ઠરાવથી ઉચ્ચ કક્ષાના અધિકારીઓની એક સમિતિની રચના કરવામાં આવી હતી સમિતિની વિચારણાના ક્ષેત્રમાં દર્શાવેલ મુદ્દાઓ પૈકી બે મુદ્દાઓ નીચે પ્રમાણે હતાં :-

(૧) રહેમરાહે નિમણુંકની હાલની યોજનામાં ઉદ્ભવેલા જુદા જુદા પ્રશ્નોનો અભ્યાસ કરી તેના નિરાકરણ માટે શું થઈ શકે તે બાબતે વિચારણા કરી રાજ્ય સરકારને યોગ્ય ભલામણ કરવી.

(૨) હાલની યોજના મુજબ રહેમરાહે નિમણુંક આપતી વખતે વર્ગ - ૪ ની જગ્યા ઉપરાંત વર્ગ-૩ ની નિમ્ન કક્ષાની ( કારકૂન સિવાયની) અન્ય જગ્યાઓમાં નિમણુંક આપી શકાય તે માટે વધુ જગ્યાઓના વ્યાપ પરત્વે વિચારણા કરવી.

ઉપરોકત બે મુદ્દાઓ સંદર્ભે રજૂ થયેલ પ્રશ્નો પરત્વે ઉચ્ચ કક્ષાની સમિતિ દ્વારા કરવામાં આવેલ ભલામણો પૈકી સરકારશ્રીએ સ્વીકારેલ ભલામણોને ધ્યાને લઈ તા. ૧૦-૩-૨૦૦૦ ના સંદર્ભ (૧)માં દર્શાવેલ ઠરાવથી અમલમાં મૂકેલ રહેમરાહે નિમણુંક અંગેની

વર્તમાન યોજનામાં નીચે પ્રમાણે સુધારા કરવાનું ઠરાવવામાં આવે છે :-

(૧) પાંચમા પગાર પંચની ભલામણો મુજબનાં પગાર ધોરણો તા. ૧-૧-'૯૬ થી અમલી બન્યાં હોવાથી કુટુંબ પેન્શનની રકમમાં થયેલ વધારાને કારણે તા.૧-૧-૯૬ થી તા. ૯-૩-૨૦૦૦ દરમ્યાન અવસાન પામેલ સરકારી કર્મચારીઓના આશ્રિતને રહેમરાહે નિમણુંક આપવા માટે નિયત કરાયેલ ધોરણો / શરતો પૈકી " નિયત આવક મર્યાદા " નું ધોરણ જાળવવાનું શકય બનતું નથી.આથી સહાનુભુતિપૂર્વકની વિચારણાને અંતે આવક મર્યાદાના હેતુ પૂરતું તા. ૧૦-૩-૨૦૦૦ ઠરાવ અન્વયે જાહેર કરાયેલ રહેમરાહે નિમણુંક માટેની યોજનાનો અમલ તા. ૧-૧-'૯૬ થી કરવાનું ઠરાવેલ છે તા. ૧-૧-૯૬ થી આવક મર્યાદા દુર થવાને કારણે જે અન્ય આનુષાંગિક મુદ્દાઓ ઉપસ્થિત થાય તે મુદ્દાઓ માટે પણ તા. ૧-૧-'૯૬ ની તારીખ સંદર્ભ તારીખ તરીકે ગણવાની રહેશે.

(૨) તા.૧૦-૩-૨૦૦૦ના ઠરાવની જોગવાઈ : ૯ અનુસાર આશ્રિત કુટુંબમાં કોઈ સભ્ય કમાનાર હોય ત્યાં અવસાન પામેલા કર્મચારીની વિધવા કે વિધુરને જ તેમની શૈક્ષણિક લાયકાતને અનુરૂપ વર્ગ:૩ ની સૌથી નિમ્ન કક્ષાની કે વર્ગ:૪ ની જગ્યા પર રહેમરાહે નિમણુંક આપવાની તથા આશ્રિત કુટુંબના અન્ય કોઈ સભ્યને કોઈપણ સંજોગોમાં રહેમરાહે નિમણુંક નહી આપી શકવાની વર્તમાન જોગવાઈ છે તેને બદલે નીચે મુજબની જોગવાઈ પ્રસ્થાપિત કરવાની રહેશે :-

" જ્યાં સ્વર્ગસ્થ કર્મચારીના અવસાન પહેલાં આશ્રિત કુટુંબના કોઈ જુદા થયેલ સભ્ય કમાતા હોય અથવા સાથે રહેતા હોય અને તે કમાતા હોય તો પણ તેમની આવક ધ્યાને લીધા સિવાય અગ્રતાક્રમે વિધવા કે વિધુરને, અને જો તે વિધવા કે વિધુર નોકરી મેળવવા ઈચ્છતા ન હોય તો નિમણુંક અંગેની પાત્રતા તથા અરજી રજુ કરવાની સમય મર્યાદા સહિતની બધી જ શરતો પરિપૂર્ણ કરતા હોય તેવા કુટુંબના અન્ય આશ્રિતને રહેમરાહે નિમણુંક આપવા વિચારણા કરી શકાશે. પરંતુ આવી વિચારણા કરતી વખતે સ્વર્ગસ્થ કર્મચારીના કુટુંબના જે સભ્ય ભારત સરકાર, ગુજરાત સરકાર કે અન્ય રાજય સરકાર,અર્ધ સરકારી સંસ્થાઓ, રાજય / કેન્દ્ર સરકાર હસ્તકના બોર્ડ / કોર્પોરેશન, ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓ,સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, તાલુકા / જીલ્લા પંચાયત,રાષ્ટ્રીયકૃત બેંકો,સહકારી સંસ્થાઓ (નાગરિક સહકારી બેંકો,જીલ્લા દૂધ ઉત્પાદક સંઘો,ગુજકોમાસોલ ,રાજ્યની ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ,જીલ્લા મધ્યસ્થ બેંકો વગેરે) તથા રાજય સરકાર કે કેન્દ્ર સરકારના અધિનિયમ હેઠળ રચાયેલ સંસ્થાઓ વગેરમાં નિયમિત નિમણુંક ધરાવતા કર્મચારી / અધિકારી હોય તેઓને રહેમરાહે નિમણુંક આપવાના હેતુસર આશ્રિત તરીકે ગણી શકાશે નહી ".

આ બાબત તા. ૧-૧-'૯૬ થી આવક મર્યાદા રદ કરવાના નિર્ણયની આનુષાંગિક બાબત હોઈ તે તારીખ ૧-૧-૯૬ થી જ અમલમાં આવશે.

(૩) તા.૧૦-૩-૨૦૦૦ ના ઠરાવની જોગવાઈ ૮ (ઓ) અનુસાર આ યોજના હેઠળ રહેમરાહે નિમણુંક મેળવવાની અરજી સબંધીત કર્મચારીના અવસાનની તારીખથી ત્રણ માસ સુધી કરવાની જે જોગવાઈ છે. તેમાં સુધારો કરીને આશ્રિત દ્વારા અરજી રજુ કરવાની ઉકત સમય મર્યાદા વધારીને સબંધીત કર્મચારીના અવસાનની તારીખથી ૬ માસની કરવામાં આવે છે. સબંધીત કચેરીઓ દ્વારા આશ્રિત કુટુંબને કુટુંબ પેન્શનના ફોર્મની સાથે જ રહેમરાહે નિમણુંક માટેના નિયંત અરજી ફોર્મ અચૂક રીતે આપી દેવાના / મોકલી આપવાના રહેશે. સબંધિત ખાતાના વડા કે વિભાગને અરજદાર તરફથી રહેમરાહે નિમણુંક મેળવવા માટેની સંપૂર્ણ અને આખરી અરજી મળી જાય ત્યારબાદ વધુમાં વધુ બે મહિનામાં આવી અરજી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને અચૂકપણે મોકલી આપવાની રહેશે. આ સુધારો તા. ૧૦-૩-૨૦૦૦ પછી અવસાન પામેલ કર્મચારીઓના કેસોમાં લાગુ પડશે.

કર્મચારીના અવસાનની તારીખથી ૬ માસમાં રહેમરાહે નિમણુંક મેળવવા અરજી નહી કરવામાં આવે તો તેવા આશ્રિત રહેમરાહે નિમણુંક મેળવવા ઈચ્છુક નથી તેમ માની લેવામાં આવશે, અવસાનની તારીખથી ૬ માસ બાદ કરેલી અરજી કોઈપણ સંજોગોમાં વિચારણામાં લેવામાં આવશે નહી.

(૪) તા. ૧૦-૩-૨૦૦૦ ના ઠરાવની જોગવાઈ ૬(૩)અનુસાર આ યોજના હેઠળની નિમણુંકોમાં જયાં ઉકત અન્ય જોગવાઈઓને ધ્યાને લઈ, ઉપલી વય મર્યાદામાં છુટ મુકવાની સત્તા સરકારના અધિક મુખ્ય સચિવ/ અગ્ર સચિવ / સચિવને આપવામાં આવી છે તે વ્યવસ્થામાં ફેરફાર કરીને નિમણુંકની કાર્યવાહીમાં ઝડપ આવે તે હેતુસર હવે આ સત્તા પોતાના ક્ષેત્રાધિકાર હેઠળની ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓ તથા ક્ષેત્રિય કચેરીઓ અને જે તે ખાતાના વડાની કચેરી પૂરતું સબંધીત ખાતાના વડાને તથા સચિવાલયના વિભાગોમાં જે તે વિભાગના અધિક મુખ્ય સચિવ/ અગ્ર સચિવ / સચિવને આપવાનું ઠરાવવામાં આવે છે. "Pooling Of Vacancies" ને કારણે જો રહેમરાહે નિમણુંક સ્વર્ગસ્થ કર્મચારીના મૂળ વિભાગ કે કચેરી સિવાયના અન્ય વિભાગ કે કચેરીમાં / હેઠળ થતી હોય તો જે તે જગ્યા પર નિમણુંક આપવા માટેની સત્તા ધરાવતા અધિકારીએ આવી સત્તાનો ઉપયોગ કરવાની રહેશે આ વ્યવસ્થા પ્રસ્તુત ઠરાવ બહાર પાડયાની તારીખે અનિર્ણિત કેસોમાં લાગુ પડશે.

(૫) આ સુધારેલ યોજના મુજબનો ઠરાવ બહાર પાડયાની તારીખે આશ્રિતોને જે જગ્યા પર નિમણુંક મળવાપાત્ર હોય તે જગ્યાનું પગાર ધોરણ , પગાર કે સેવાની અન્ય શરતો કોઈપણ હોય તે છતાં જયારે સંબધિત આશ્રિતને વાસ્તવમાં જે જગ્યા પર નિમણુંક આપતા હુકમો કરવામાં આવે તે તારીખે તે જગ્યાના પગાર ધોરણ / પગાર કે સેવાની જે અન્ય શરતો હોય તે જ લાગું પડશે.

(૬) રહેમરાહે નિમણુંકો, આશ્રિતની શૈક્ષણિક લાયકાત અનુસાર વર્ગઃ૩ની નિમ્ન કક્ષાની જગ્યાઓ અને વર્ગઃ૪ ની જગ્યાઓમાં આપવામાં આવે છે. આ જોગવાઈમાં વધુ સ્પષ્ટતા કરવામાં આવે છે કે રહેમરાહે નિમણુંકો માટે જગ્યાની વિચારણા કરતી વખતે વર્ગઃ૪ અને કારકુન,

કારકુન-ટાઈપીસ્ટ તથા ટાઈપીસ્ટની જગ્યાઓ ઉપરાંત પોલીસ કોન્સ્ટેબલ તથા બીટ ગાર્ડ જેવી જુદા જુદા પ્રકારની તકનીકી અને બિન તકનીકી હોય તેવી વર્ગઃ૩ ની નિમ્ન કક્ષાની ( જુનિયર કારકુન સમકક્ષ પગાર ધોરણ ધરાવતી જગ્યાઓ ). અને વર્ગઃ૪ ની જગ્યાઓનું કોમન પુલ બનાવીને તેવી જગ્યાઓને પણ રહેમરાહે નિમણુંક આપતી વખતે વિચારણામાં લેવાની રહેશે. જે જગ્યાઓ તકનીકી પ્રકારની હોય અને ઉમેદવારો જરુરી લાયકાત ધરાવતા હોય તો તેઓને તકનીકી જગ્યા પર જ નિમણુંક આપવાની રહે છે. જે તે સમયે રહેમરાહે નિમણુંક આપવા માટે વિચારણા કરતી વખતે આવી કોમનપુલમાંની ઉપલબ્ધ તકનીકી અને બિન તકનીકી જગ્યાઓ ભરાઈ જાય ત્યારબાદ જ કારકુન કે પટાવાળા જેવી વહીવટી જગ્યાઓ નિમણુંક માટે વિચારણામાં લઈ શકાશે. નિમણુંક માટેની જગ્યાઓનો વ્યાપ વધારવાના હેતુસર તકનીકી અને બિન તકનીકી જગ્યાઓની યાદી સમયાંતરે અલગ રીતે બહાર પાડવામાં આવશે.

(૬) ઉપરોકત હુકમો પંચાયત સેવાના કર્મચારીઓને પણ લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અ.વી.પટેલ)
સચિવ
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
-માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી,
-માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
-મુખ્ય સચિવશ્રીના સંયુકત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
-તમામ મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ / નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
-સચિવાલયના સર્વે વિભાગો / સર્વે ખાતાના વડાઓ
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ

-એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ
-એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / ગાંધીનગર
-પે એન્ડ એકાઉન્ટ ઓફીસરશ્રી, અમદાવાદ / ગાંધીનગર
-રેસીડેન્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ / ગાંધીનગર
-નિયામકશ્રી, સરદાર પટેલ રાજ્ય વહીવટ ભવન, અમદાવાદ - ૧૫
-સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ,
-સીલેકટ ફાઈલ, 'ક' શાખા,
-પ્રમુખશ્રી, ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસીએશન, ગાંધીનગર

---

- પત્ર દ્વારા

ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામતા સરકારી કર્મચારીઓના આશ્રિત કુટુંબના સભ્યને રહેમરાહે નોકરી આપવા બાબત....

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃભરત–૧૨૦૧–૯૧૦(૩)–ક,
સચિવાલય, ગાંધીનગર,
તારીખઃ ૭–૯–૨૦૦૨

વંચાણે લીધાઃ– (૧)સા. વ.વિ. નો તા. ૧૦–૩–૨૦૦૦ નો ઠરાવ ક્રમાંક: ભરત–૨૧૯૭–ક
(૨) સા.વ.વિ.નો તા. ૧૨–૪–૨૦૦૨ નો ઠરાવ ક્રમાંકઃક્રમાંકઃ ભરત ૧૨૦૧–૯૧૦–ક.

ઠરાવ :–

ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર સરકારી કર્મચારીઓના આશ્રિત કુટુંબના એક સભ્યને રહેમરાહે નોકરી આપવાની યોજના રાજ્ય સરકારે તા. ૧૩–૧૦–૭૫ના અ.સ.પત્ર ક્રમાંક :ભરત–૧૧૭૩– યુ. ઓ.– ૧૩૬૯– ક, અન્વયે અમલમાં મૂકેલ છે. ત્યારબાદ તેમાં સમયાંતરે સુધારા થયેલ છે.ઉપર સંદર્ભમાં ક્રમ (૧) માં દર્શાવેલ તા. ૧૦–૩–૨૦૦૦ના ઠરાવથી રહેમરાહે નિમણુંકો આપવાની સુધારેલ યોજના અને તે અંગેની સંકલિત સૂચનાઓ બહાર પાડવામાં આવી છે.

રહેમરાહે નિમણુંકની યોજના અંતર્ગત " આશ્રિત"ને નિમણુંક આપવા માટેની શરતોમાં છુટછાટ આપવા માટેની અનેક દરખાસ્તો સામાન્ય વહીવટ વિભાગ સમક્ષ રજુ કરવામાં આવે છે આવી દરખાસ્તોમાં ઉપસ્થિત થયેલ નીતિ વિષયક મુદ્દાઓ પરત્વે વિચારણા કરી રાજ્ય સરકારને યોગ્ય ભલામણ કરવા તથા યોજનાની સર્વાંગી સમીક્ષા માટે રાજ્ય સરકાર દ્વારા ઉપર સંદર્ભ(૨) માં દર્શાવેલ સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૨–૪–૨૦૦૨ ના ઠરાવથી ઉચ્ચ કક્ષાના અધિકારીઓની એક સમિતિની રચના કરવામાં આવી હતી.

સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા વિવિધ મુદ્દાઓ પરત્વે પુખ્ત વિચારણાને અંતે સમિતિએ જે ભલામણો કરી છે તે ભલામણો ઉપર સરકારશ્રીએ લીધેલ નિર્ણયના સંદર્ભમાં નીચે મુજબની વિશેષ સૂચનાઓ બહાર પાડવામાં આવે છે, જે આ ઠરાવ બહાર પડયાની તારીખથી અમલમાં આવશે (એટલે કે આ ઠરાવ બહાર પડયાની કે તે પછીની કોઈ તારીખે ચાલુ સેવા દરમ્યાન અવસાન પામનાર સરકારી કર્મચારીના કિસ્સામાં આ વિશેની સૂચનાઓ લાગુ પડશે ) :–

૧. રહેમરાહે નિમણુંકના હેતુ માટે આશ્રિત કુટુંબના સભ્યની વ્યાખ્યા નકકી કરવા બાબત.

રહેમરાહે નિમણુંકની યોજનાનાં સંદર્ભમાં આ વિભાગના તા. ૧૦–૩–૨૦૦૦ ના ઠરાવના પરિશિષ્ટ : ૧ ના ક્રમાંક : ૨(બી)માં નિર્દિષ્ટ " આશ્રિત કુટુંબના સભ્ય "ની વ્યાખ્યાને નીચે મુજબની નવી વ્યાખ્યાથી પ્રસ્થાપિત કરવામાં આવે છે :–

**આશ્રિત કુટુંબના સભ્ય કોણ ગણાશે.**

અવસાન પામેલા કર્મચારીના –

(૧)કાયદેસરના પત્નિ કે પતિ,

(૨)પુત્ર કે અપરિણિત પુત્રી( નિઃસંતાન કર્મચારીના કેસમાં તેની હયાતી દરમ્યાન " હિન્દુ એડપ્શન એક્ટ, ૧૯૫૬ " હેઠળ દત્તક વિધાન કરી કાયદેસર દત્તક લીધેલ સંતાન સાથે )

કે જે સબંધીત કર્મચારીના અવસાન સમયે સંપુર્ણપણે તે સરકારી કર્મચારી ઉપર આધારીત હોય .

સ્વર્ગસ્થ કર્મચારીના કુટુંબના જે સભ્ય ભારત સરકાર, ગુજરાત સરકાર કે અન્ય રાજ્ય સરકાર,અર્ધ સરકારી સંસ્થાઓ, રાજ્ય / કેન્દ્ર સરકાર હસ્તકના બોર્ડ / કોર્પોરેશન, ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓ,સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, તાલુકા / જીલ્લા પંચાયત,રાષ્ટ્રીયકૃત બેંકો,સહકારી સંસ્થાઓ દા.ત. નાગરિક સહકારી બેંકો,જીલ્લા દૂધ ઉત્પાદક સંઘો,ગુજકોમાસોલ,રાજ્યની ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ,જીલ્લા મધ્યસ્થ બેંકો વગેરે) તથા રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકારના અધિનિયમ હેઠળ રચાયેલ સંસ્થાઓ વગેરેમાં નિયમિત નિમણુંક ધરાવતા કર્મચારી / અધિકારી હોય તેઓને રહેમરાહે નિમણુંક આપવાના હેતુસર આશ્રિત તરીકે ગણી શકાશે નહી.

૨. સ્વર્ગસ્થ કર્મચારીના એક આશ્રિતે રહેમરાહે નોકરી માટે કરેલી અરજી પરત્વે વિચારણા ચાલુ હોય તે દરમ્યાન સંજોગો બદલાવાને કારણે તે કર્મચારીના અન્ય આશ્રિત દ્વારા સુધારેલી અરજી રજુ કરવામાં આવે તો જો રહેમરાહે નિમણુંક અંગેની અન્ય શરતો પરિપૂર્ણ થતી હોય તો તે ગ્રાહય રાખી શકાશે.

૩. આ હુકમો પંચાયત સેવાના કર્મચારીઓને પણ લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એચ. વી. પટેલ )
સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

–માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી,

–માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર

–મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર

–તમામ મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ / નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,

–સચિવાલયના સર્વે વિભાગો / સર્વે ખાતાના વડાઓ

- સચિવશ્રી,ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,ગાંધીનગર
- સચિવશ્રી,ગુજરાત વિધાનસભા સચિવાલય,ગાંધીનગર

- સચિવશ્રી,તકેદારી આયોગ,ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલકી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર
- રજીસ્ટારશ્રી,ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ
- સચિવશ્રી,ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,અમદાવાદ

–એકાઉન્ટટ જનરલશ્રી,ગુજરાત રાજ્ય, અમદાવાદ
–એડીશનલ એકાઉન્ટટ જનરલશ્રી, અમદાવાદ / ગાંધીનગર
–પે એન્ડ એકાઉન્ટ ઓફીસરશ્રી, અમદાવાદ / ગાંધીનગર
–રેસીડેન્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ / ગાંધીનગર
--નિયામકશ્રી,સરદાર પટેલ રાજ્ય વહીવટ ભવન,અમદાવાદ – ૧૫
–સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ,
–સીલેક્ટ ફાઈલ, ' ક ' શાખા,
–પ્રમુખશ્રી,ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસીએશન,ગાંધીનગર

---

- પત્ર ધ્વારા

ચાલુ નોકરી દરમિયાન અવસાન પામતા સરકારી કર્મચારીઓના આશ્રિત કુટુંબના સભ્યને રહેમરાહે નોકરી આપવા બાબત- એડહોક નિમણૂક.

ગુજરાત સરકાર.
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
ઠરાવ ક્રમાંક ભરત-૧૦૨૦૦૪-૩૮૫-ક
તારીખ : ૧૫-૬-૨૦૦૪

**વંચાણે લીધા :-**

(૧) સા.વ.વિ.નો તા. ૧૩-૧૦-૧૯૭૫નો અ.સ.પત્ર ક્રમાંક ભરત-૧૧૭૩-યુઓ-૧૩૬૯-ક.

(૨) સા.વ.વિ.નો તા. ૧૦-૩-૨૦૦૦ નો ઠરાવ ક્રમાંક ભરત-૨૧૯૯-ક.

(૩) સા.વ.વિ.નો તા. ૭-૯-૨૦૦૨ નો ઠરાવ ક્રમાંક ભરત-૧૨૦૧-૯૧૦-(૨)-ક.

**આમુખ**

ચાલુ નોકરી દરમિયાન અવસાન પામતાં સરકારી કર્મચારીના આશ્રિત કુટુંબના એક સભ્યને રહેમરાહે નિમણૂક આપવાની યોજના અન્વયે એવી જોગવાઇ છે કે, આવી નિમણૂકો નિયમિત ખાલી જગ્યાઓ ઉપર જ નિયમિત ધોરણે કરવાની રહેશે અને એડહોક કે કોન્ટ્રાક્ટ ધોરણે રહેમરાહે નિમણૂકો કરી શકાશે નહીં. આ જોગવાઇમાં ફેરફાર કરવાની બાબત છેલ્લા કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**

આથી કાળજીપૂર્વકની વિચારણાના અંતે સરકારશ્રીએ રહેમરાહે નિમણૂકો આપવાની યોજનામાં નીચે જણાવેલ સૂચનાઓને અનુસરીને નિમણૂકો આપવાનું ઠરાવેલ છે.

(૧) રહેમરાહે નિમણૂક માટે પાત્રતા ધરાવતાં ઉમેદવારોને પ્રથમ તબકકે પાંચ વર્ષ માટે ફીકસ પગારમાં ખાલી જગા ઉપર એડહોક નિમણૂક આપવાની રહેશે.

(૨) એડહોક નિમણૂક માટે પાત્ર ઠરેલાં વર્ગ-૩ ના ઉમેદવારોને જ્યાં પૂર્વસેવા તાલીમની જોગવાઇ હોય ત્યાં પ્રથમ પૂર્વ સેવા તાલીમમાં મોકલવાના રહેશે.

(૩) સંબંધિત વિભાગ/કચેરી દ્વારા ઉમેદવારને એડહોક નિમણૂકની જાણ કરતો પત્ર પાઠવવામાં આવે તેની નકલ પૂર્વ સેવા તાલીમ કેન્દ્ર સંચાલકશ્રીને મોકલવાની રહેશે.

(પાછળ)

(૪) એડહોક ધોરણે નિમણૂક પામેલા વર્ગ-૩ ની જગ્યા પરના ઉમેદવારને રૂા.૨૫૦૦/- અને વર્ગ-૪ ની જગ્યા પરના ઉમેદવારને રૂા.૧૫૦૦/- ફીકસ પગાર પ્રતિ માસ આપવામાં આવશે.

(૫) પાંચ વર્ષ બાદ તેમની સેવાઓ સંતોષકારક જણાય અને નિયમિત નિમણૂક માટે જરૂરી પાત્રતા ધરાવતા હોય તો એડહોક ધોરણે નિમણૂક પામેલા ઉમેદવારને વર્ગ-૩ ની સૌથી નિમ્ન કક્ષાની અને વર્ગ-૪ની સંબંધિત જગ્યાના નિયમિત પગારધોરણમાં ઉપલબ્ધ જગ્યા સામે ક્રમાનુસાર સમાવવાના રહેશે.

(૬) પૂર્વ સેવા તાલીમ કેન્દ્ર દ્વારા વર્ગ-૩ માં રહેમરાહે નિમણૂક માટે પાત્ર એડહોક ઉમેદવારો માટે તાત્કાલિક તાલીમ વર્ગનું આયોજન કરવાનું રહેશે અને ઉમેદવારોને તાલીમમાં મોકલવા માટે એડહોક નિમણૂકનો હુકમ આપવા માટે સંબંધિત વિભાગ/કચેરીને જાણ કરવાની રહેશે. વધુમાં તાલીમ સંસ્થાએ ઉમેદવાર પૂર્વ સેવા તાલીમ માટે હાજર થાય તે તારીખની જાણ પૂર્વ સેવા તાલીમ કેન્દ્ર તરફથી ઉમેદવારના સંબંધિત વિભાગ/કચેરીને કરવાની રહેશે. ઉમેદવારની એડહોક નિમણૂક પૂર્વ સેવા તાલીમ કેન્દ્રમાં ઉમેદવાર તાલીમ માટે હાજર થાય તે તારીખથી ગણવાની રહેશે.

(૭) વર્ગ - ૩ ની જગ્યા ઉપર એડહોક નિમણૂક મેળવેલ ઉમેદવારે પૂર્વ સેવા તાલીમાંત પરીક્ષા નિયમોનુસાર મળવાપાત્ર નિયત તકોમાં પાસ કરવાની રહેશે. જે પાસ કર્યા બાદ તેમજ એડહોક નિમણુંકનો સમયગાળો પૂરો થયા બાદ તેમને નિયમિત નિમણૂક માટે પાત્ર ગણવામાં આવશે.

(૮) પૂર્વ સેવા તાલીમાંત પરીક્ષા નિયમાનુસાર તકોમાં પાસ નહિ કરી શકનાર ઉમેદવારની એડહોક નિમણૂકનો અંત થયેલ ગણવાનું રહેશે. પરીક્ષામાં નહિ બેસનાર ઉમેદવારની તક ગણી લેવાની રહેશે.

(૯) રાજ્ય સરકારમાં જગ્યાઓ ભરવા માટે જે તે સમયે પ્રવર્તમાન સામાન્ય નીતિ, એડહોક/નિયમિત નિમણૂક આપતી વખતે લાગુ પડશે.

(૧૦) સરકારના પ્રવર્તમાન નિયમોનુસાર પૂર્વ સેવા તાલીમાંત પરીક્ષા પસાર કર્યા બાદ તેમજ એડહોક નિમણૂકની સમાપ્તી બાદ અપાયેલી નિયમિત નિમણૂકની તારીખ પ્રવરતા સહિતના તમામ હેતુઓ માટે ગણવાની રહેશે.

(૧૧) રહેમરાહે નિમણૂકના પડતર કેસો કે જેમાં નિમણૂક આપવાની બાકી છે તે બધા જ કેસોમાં આ સૂચનાઓ લાગુ પાડવાની રહેશે.

(૧૨) રહેમરાહે નિમણૂકની પ્રવર્તમાન યોજનાની લાગુ પડતી સંબંધિત જોગવાઇઓમાં ઉપરોક્ત સુધારા દાખલ થતાં હાલની જોગવાઇઓ તેટલે અંશે સુધારેલી ગણવાની રહેશે.

(૧૩) આ સૂચનાઓ રાજય સેવાના કર્મચારીઓ/પંચાયત સેવાના કર્મચારીઓ તથા રહેમરાહે નિમણૂકની રાજય સરકારની યોજનાનો અમલ કરતા હોય તેવા રાજય સરકારના બોર્ડ/કોર્પોરેશન તેમજ ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓના કર્મચારીઓને સમાન રીતે લાગુ પાડવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કે. જયોર્જ જોસેફ)
અગ્ર સચિવ (ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ,
-માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી.
-માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-મુખ્ય સચિવશ્રીના સંયુકત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
-તમામ મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
-સચિવાલયના સર્વે વિભાગો/સર્વે ખાતાના વડાઓ.

- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલકી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.

-એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ.
-એડિશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-પે એન્ડ એકાઉન્ટન્ટ ઓફિસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-રેસીડેન્ટ ઓડિટ ઓફિસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
નિયામકશ્રી, સરદાર પટેલ રાજય વહીવટ ભવન, અમદાવાદ-૧૫.
-સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ.
-સિલેકટ ફાઇલ, ક શાખા.
-પ્રમુખશ્રી, ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસિએશન, ગાંધીનગર.
-પ્રમુખશ્રી, ગુજરાત રાજય કર્મચારી મહામંડળ, ગાંધીનગર.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ
આવક ક્રમાંક : ૧૩૫
તારીખ : 24 JAN 2005
શાખા :

વર્ગ-૧ થી વર્ગ-૩ની સીધી ભરતી તેમજ બઢતીમાં કોમ્પ્યુટરની જાણકારી હોવાનું ફરજીયાત બનાવવા અંગે.

સી. સી. સી. લેવલ સમકક્ષ અભ્યાસક્રમ જાહેર કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૩-૬૭૨/(૧)/ક.૨.
સચિવાલય, ગાંધીનગર,
તારીખ : ૧૩મી જાન્યુઆરી-૨૦૦૫

વંચાણમાં લીધા :- (૧) સામાન્ય વહીવટ વિભાગનો સરખા ક્રમાંકનો તા. ૧૧-૮-૦૩નો તથા તા. ૧૭-૮-૨૦૦૪નો પરિપત્ર

ઠરાવ

રાજ્ય સરકારની ઇ-ગવર્નન્સની નીતિ અંગે વર્ગ-૧ થી વર્ગ-૩ સુધીની ભરતી તથા બઢતીમાં કોમ્પ્યુટરની જાણકારી હોવાનું ફરજીયાત બનાવવા અંગેની સૂચનાઓ તથા કાર્યપધ્ધતિ અંગે સામાન્ય વહીવટ વિભાગના સરખા ક્રમાંકના તા. ૧૧-૮-૨૦૦૩ અને તા. ૧૭-૮-૨૦૦૪ ના પરિપત્રોથી સૂચનાઓ આપવામાં આવી છે.

સીધી ભરતી માટે DOEACC સોસાયટીની સી. સી. સી. લેવલની અથવા રાજ્ય સરકાર નક્કી કરે તેવા લેવલની કોમ્પ્યુટર પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ. તથા સી. સી. સી. લેવલ સમકક્ષ લાયકાતો/કોર્ષ અંગેનાં પ્રમાણપત્રો ભરતી કરનાર એજન્સીએ મેળવવાના રહેશે તેવી સૂચનાઓ આપવામાં આવી છે. આથી સી. સી. સી. સમકક્ષ અભ્યાસક્રમો જાહેર કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે સરકાર માન્ય યુનિવર્સિટી/પોલીટેકનીક/તાલીમી સંસ્થામાંથી મેળવેલ આ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ અભ્યાસક્રમો/કોર્ષના પ્રમાણપત્રો/માર્કશીટને સી. સી. સી. લેવલ સમકક્ષના અભ્યાસક્રમ તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

રાજ્ય સરકારની ભરતી કરનાર એજન્સીએ ભરતી નિયમોના જોગવાઇઓ અન્વયે કોમ્પ્યુટર જ્ઞાન અંગેની જાણકારી માટે DOEACC સોસાયટીની સી. સી. સી. લેવલ ઉપરાંત આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ અભ્યાસક્રમોનાં પ્રમાણપત્રો માન્ય ગણવાના રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સાયન્સ અને ટેકનોલોજી વિભાગની તા. ૨૭-૧૨-૦૪ની નોંધથી મળેલ સંમતિ અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આઇ. એન. સોલંકી
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,

* રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
* મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.

સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૩-૧-૨૦૦૫ના ઠરાવ ક્રમાંક પરચ/૧૦૨૦૦૩.૬૭૨(૧)/ગ. ૨. નું બિડાણ :-

## પરિશિષ્ટ

રાજ્ય સરકારમાં સીધી ભરતી કે બઢતી મેળવવા માટે સી. સી. સી. લેવલની સમકક્ષ ગણવાના કેસોની યાદી :-

(૧) સી. સી. સી. લેવલ સમકક્ષ અભ્યાસક્રમો :-

(A) **Certificate Level Courses :**

a) Certification in Computer Application
b) Certification in Computer Programming
c) Certificate in Computing (CIC)
d) Certification Course on Computer Concept

(B) **DOEACC (Department of Electronics Accreditation of Computer Courses) :**

a) 'O' Level Course
b) 'A' Level Course
c) 'B' Level Course
d) 'C' Level Course

(૨) નીચે જણાવેલ અભ્યાસક્રમો સી. સી. સી. લેવલ થી ઉચ્ચકક્ષાના હોઇ આ અભ્યાસક્રમોના પ્રમાણપત્રો/માર્કશીટને પણ માન્ય અભ્યાસક્રમ ગણવામાં આવે છે :-

(C) **Post Graduate Level Courses :**

a) Master of Engineering in Computer (ME-Computer)
b) Master of Engineering in Information Technology (ME-IT)
c) Master of Engineering in Electronics & Communication (ME-EC)
d) Master of Engineering in Instrumentation & Control (ME-IC)
e) Master of Computer Application (MCA)
f) Master of Science in Computer (MSc/MS-Computer)
g) Master of Science in Information Technology (MSc-IT)

(D) **Graduate Level Courses :**

a) Bachelor of Engineering in Computer (BE-Computer)
b) Bachelor of Engineering in Information Technology (BE-IT)
c) Bachelor of Engineering in Electronics & Communication (BE-EC)
d) Bachelor of Engineering in Instrumentation & Control (BE-IC)
e) Bachelorr of Computer Application (BCA)
f) Bachelor of Science in Computer (BSc/MS-Computer)
g) Bachelor of Science in Information Technology (BSc-IT)

(E) **Diploma Level Courses :**

a) Diploma in Computer Management
b) Diploma in EDP (Electronics Data Processing)
c) Diploma in Advanced Computing (DCA)
d) Diploma in Computer & Office Automation/Management

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ
નોંધણી ક્રમાંક : ૨૫૧૯૫
તારીખ : 28 MAR 2005
શાખા : ૨

**NOTIFICATION**

General Administration Department,
Sachivalaya, Gandhinagar,
Dated the 16th March, 2005.

CONSTITION OF INDIA

No.GS/ 4 /2005/CRR/102004/1619/G.2:- In exercise of the powers conferred by the proviso to article 309 of the Constitution of India and in supersession of all existing rules regulating the recruitment to the posts of Class IV with any appellation in Inferior Service in the Secretariat and non-Secretariat offices of the State of Gujarat, the Governor of Gujarat hereby makes the following rules to provide for regulating recruitment to the posts of Class IV with any appellation in Inferior Service in Secretanat and non-Secretariat offices namely:-

1. These rules may be called the Class IV posts (in Inferior Service) in the Gujarat Secretariat and non-Secretariat offices Recruitment Rules, 2005.

2. Appointment to the posts of Class IV (in Inferior Service) in Secretariat and non-Secretariat offices of Government of Gujarat shall be made either:-

(i) by direct selection; or

(ii) by transfer; or

(iii) by deputation

3. To be eligible for appointment by direct selection to the post mentioned in rule 2, a candidate shall:-

(i) not be less than 18 years and not more than 25 years of age;

(ii) have passed Secondary School Certificate Examination.

(iii) possesses skills relevant to the job as may be prescribed by Government from time to time;

Provided that preference may be given a candidate who possesses the driving licence for light motor vehicle.

4. The candidate appointed in Class IV posts may be transferred in public interest to any other Class IV post in inferior services in any Secretariat or non-Secretariat office in the State.

5. A candidate appointed by direct selection shall be on probation for a period of six months.

6. A selected candidate shall be required to pass the departmental examination and an examination in Gujarati or Hindi or both in accordance with the Rules prescribed by the Government from time to time.

7. A candidate appointed by direct selection shall have to undergo such training according to his job and to pass such examination as may be prescribed by the Government from time to time.

By order and in the name of the Governor or Gujarat,

(C.M. Sadadiya)
Under Secretary to Government.

---

To

The Secretary to the Governor
The Principal Secretary to the Chief Minister
The Personal Secretary to all Ministers/Ministers of State
*The Secretary, Gujarat Legislature Secretariat, Gandhinagar
*The Secretary, Gujarat Public Service Commission, Ahmedabad.
*The secretary, Gujarat Vigilance Commission, Gandhinagar.
*The Registrar, Gujarat High Court, Ahmedabad.
*The Secretary, Gujarat Civil Services Tribunal, Gandhinagar.
*The Secretary, Gujarat Subordinate Service Selection Board, Gandhinagar.
All Departments of the Secretariat.
All Heads of Departments.
The Manager, Government Central Press, Gandhinagar.
-With a request to publish the Notification in Gujarat Government Gazette and send 500 copies to this department.
The Legislative and Parliamentary Affairs Department - with a request to publish Gujarati Translation of Notification and send 500 copies to this department.
All Branches in General Administration Department.
The Select file.

---

* By letter.

રાજ્ય સરકારના ઈ–ગવર્નન્સની નીતિ અંગે વર્ગ–૧ થી વર્ગ–૩ ના સીધી ભરતી, તેમજ બઢતીમાં કોમ્પ્યુટરની જાણકારી હોવાનું ફરજિયાત બનાવવા અંગે.

સી.સી.સી. લેવલ સમકક્ષ અભ્યાસક્રમ જાહેર કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ–પરચ–૧૦૨૦૦૩–૬૭૨(૧)–ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ–૨૪/૬/૨૦૦૫.

**વંચાણમાં લીધાઃ**– (૧) સામાન્ય વહીવટ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૧–૮–૨૦૦૩ નો તથા તા.૧૭–૮–૨૦૦૪ નો પરિપત્ર તથા તા.૧૩–૧–૨૦૦૫ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

**ઠરાવ :**

રાજ્ય સરકારની ઈ–ગવર્નન્સની નીતિ અંગે વર્ગ–૧ થી વર્ગ–૩ ના સીધી ભરતી તેમજ બઢતીમાં કોમ્પ્યુટરની જાણકારી હોવાનું ફરજિયાત બનાવવા અંગેની સૂચનાઓ તથા કાર્યપધ્ધતિ અંગે સામાન્ય વહીવટ વિભાગના સરખા ક્રમાંકના તા.૧૧–૮–૨૦૦૩ અને તા.૧૭–૮–૨૦૦૪ ના પરિપત્રોથી સૂચનાઓ આપવામાં આવી છે. તથા વંચાણમાં લીધેલા તા.૧૩–૧–૦૫ ના ઠરાવથી સરકાર માન્ય યુનિવર્સિટી/પોલીટેકનીક/તાલીમી સંસ્થામાંથી મેળવેલ અભ્યાસક્રમો/કોર્ષના પ્રમાણપત્રો/માર્કશીટને સી.સી.સી. લેવલ સમકક્ષના અભ્યાસક્રમ તરીકે જાહેર કરવામાં આવ્યા છે. તેના અનુસંધાને કેટલાક વધારાના અભ્યાસક્રમોને સી.સી.સી. લેવલ સમકક્ષના અભ્યાસક્રમ તરીકે જાહેર કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. તે અન્વયે રાજ્ય સરકાર હેઠળની તમામ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ, ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો તથા રોજગાર અને તાલીમ ખાતુ, ગુજરાત રાજ્ય ધ્વારા માન્ય કરવામાં આવેલ સ્વનિર્ભર સંસ્થાઓમાંથી મેળવેલ આ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ અભ્યાસક્રમો/કોર્ષના પ્રમાણપત્રો/માર્કશીટને સી.સી.સી. લેવલ સમકક્ષ અભ્યાસક્રમ તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

રાજ્ય સરકારની ભરતી કરનાર એજન્સીએ ભરતી નિયમોની જોગવાઈઓ અન્વયે કોમ્પ્યુટર જ્ઞાન અંગેની જાણકારી માટે DOEACC સોસાયટીની સી.સી.સી. લેવલ ઉપરાંત આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ અભ્યાસક્રમોનાં પ્રમાણપત્રો માન્ય ગણવાના રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સાયન્સ અને ટેકનોલોજી વિભાગની તા.૨૪–૫–૦૫ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.એન.સોલંકી),
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

બિડાણઃ– ઉપર મુજબ.

P.T.O.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
× રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત મુલકી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
સચિવાલયના તમામ વિભાગો
સર્વે ખાતાના વડાઓ / કચેરીના વડા.
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ / અધિકારીઓ.
<u>સીલેકટ ફાઈલ–ગ.ર શાખા.</u>
× પત્ર દ્વારા.

સામાન્ય વહીવટ વિભાગના તા.૨૪–૬–૦૫ ના ઠરાવ ક્રમાંકઃ–પરચ–૧૦૨૦૦૩–૬૭૨(૧)/ગ.૨ નું બિડાણ:–

| No. | Name of Course | Duration | Scheme |
|---|---|---|---|
| 1. | Data Preparation and Computer Software | 1 Year | NCVT |
| 2. | Computer Operator and Programming Assistant | 1 Year | NCVT |
| 3. | Certificate in Software Programming | 1 Year | SCVT |
| 4. | Certificate in Web Designing | 1 Year | SCVT |
| 5. | Certificate in e-Commerce | 1 Year | SCVT |
| 6. | Certificate in Multimedia Technology & D.T.P. | 1 Year | SCVT |
| 7. | Stenography (English)-Cum-Computer Operator | 1 Year | SCVT |
| 8. | Data Entry Operator | 6 Months | Under C.T.S. |

રાજય સરકારના ઈ--ગવર્નન્સની નીતિ અંગે
વર્ગ--૧ થી વર્ગ--૩ ના સીધી ભરતી, તેમજ
બઢતીમાં કોમ્પ્યુટરની જાણકારી હોવાનું
ફરજિયાત બનાવવા અંગે.

સી.સી.સી. લેવલ સમકક્ષ અભ્યાસક્રમ
જાહેર કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ--વરમ--૧૦૨૦૦૩--૬૭૨(૧)--ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ--૧/૨/૨૦૦૬.

વંચાણમાં લીધાઃ-- (૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૪--૬--૨૦૦૫ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

ઠ રા વ:--

રાજય સરકાર હેઠળની તમામ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ, ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો તથા રોજગાર અને તાલીમ ખાતુ, ગુજરાત રાજય દ્વારા માન્ય કરવામાં આવેલ સ્વનિર્ભર સંસ્થાઓમાંથી મેળવેલ હોય તેવા અભ્યાસક્રમોને સી.સી.સી. સમકક્ષ અભ્યાસક્રમ તરીકે તા.૨૪--૬--૨૦૦૫ ના વંચાણમાં લીધેલા ઠરાવ સાથેના સામેલ પરિશિષ્ટ મુજબ જાહેર કરવામાં આવેલ છે.

વંચાણમાં લીધેલ તા.૨૪--૬--૨૦૦૫ ના ઠરાવ સાથેના પરિશિષ્ટના ક્રમાંકઃ૮ માં દર્શાવવામાં આવેલ ડેટા એન્ટ્રી ઓપરેટરના અભ્યાસક્રમ અંગે દર્શાવેલ વિગતોના બદલે નીચે મુજબની અભ્યાસક્રમની સુધારેલ વિગતો ઉમેરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| No. | Name of course | Duration | Scheme |
|---|---|---|---|
| 8 | Data Entry Operator | 3 Months | SCVT |

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.એન.સોલંકી),
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

P.T.O.

પ્રતિ,

રાજયપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
× રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
સચિવાલયના તમામ વિભાગો
સર્વે ખાતાના વડાઓ / કચેરીના વડા.
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ / અધિકારીઓ.
<u>સીલેક્ટ ફાઈલ--ગ.ર. શાખા.</u>
× પત્ર દ્વારા.

ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામેલા વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિતને રહેમરાહે નોકરીની યોજના અંગે સ્પષ્ટતા.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃભરત-૧૦૨૦૦૭-૧૮૮-ક
તા. ૧૯-૩-૨૦૦૭

## પ રિ પ ત્ર

ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર કર્મચારીઓના કુટુંબી આશ્રિતને રહેમરાહે નોકરી માટે વિચારણાની યોજનાની પ્રવર્તમાન સૂચનાઓ સ્પષ્ટ છે. તેમ છતાં સરકાર દ્વારા વહીવટી સુધારણાના ભાગરૂપે કરાયેલા સુધારા અને અદાલતી કેસોમાં ઉપસ્થિત થતા મુદ્દાઓ માટે વિભાગ/ કચેરીઓ દ્વારા પૂછાણ થતાં રહે છે. આથી રહેમરાહે નિમણૂક સંદર્ભે નીચેની સ્પષ્ટતાઓ કરવામાં આવે છે.

૨. રહેમરાહે નિમણૂક માટે વિચારણામાં શરૂઆતથી જ શૈક્ષણિક લાયકાતમાં કોઇ છૂટછાટ મૂકવામાં આવેલી નથી અર્થાત્ સરકારી સેવામાં ભરતી માટે માન્ય પદ્ધતિ દ્વારા કરવામાં આવતી નિમણુકો માટે શૈક્ષણિક લાયકાતની જે જોગવાઇઓ હોય તે જ જોગવાઇઓ આશ્રિતને રહેમરાહે નિમણૂક માટે વિચારણા અર્થે લાગુ પડે છે. ઉક્ત બાબતે નીચે દર્શાવ્યા મુજબની સ્પષ્ટતાઓ ધ્યાને લેવાની રહેશે.

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૦-૩-૨૦૦૦ના ઠરાવની પ્રવર્તમાન જોગવાઇ ક્રમાંકઃ૫(સી)માં સ્પષ્ટપણે જણાવાયું છે કે "રહેમરાહે નિમણૂક માટેનો ઉમેદવાર નિમણૂકવાળી જગ્યાના ભરતીના નિયમોની જોગવાઇઓ હેઠળ તમામ રીતે પાત્ર અને યોગ્ય હોવા જોઇએ. આથી ભરતી નિયમોમાં નિમણૂકની વિચારણા વખતે જે જોગવાઇ હોય તે જોગવાઇ લાગુ કરવી પડે.

(૨) ઉક્ત જોગવાઇ ક્રમાંકઃ૫(સી)નીચે" "જેમકે" શબ્દપ્રયોગ સાથે વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યા માટે જે શૈક્ષણિક લાયકાત દર્શાવી છે તે નિયમો બહાર પડાયા તે તારીખ એટલે કે ૧૦-૩-૨૦૦૦ની તારીખે અમલી શૈક્ષણિક જોગવાઇઓ ઉદાહરણ તરીકે સમજ સ્વરૂપે ઉલ્લેખ કરી દર્શાવવામાં આવી

છે. તેથી જે તે જગ્યાના ભરતી નિયમોમાં તે સૂચનાઓ પછી થયેલા સુધારા આપોઆપ લાગુ પડે છે. અર્થાત્ નિમણૂકની તારીખે શૈક્ષણિક લાયકાત સંદર્ભે જે જોગવાઇ પ્રવર્તતી હોય તે તથા અરજી સમયની પ્રાપ્ત શૈક્ષણિક લાયકાત ધ્યાને લઇને જ રહેમરાહે નિમણુક માટે વિચારણા કરવાની થાય છે.

(૩) સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૬-૩-૦૫ના જાહેરનામા ક્રમાંક: જીએસ/ ૪ / ૨૦૦૫ / સીઆરઆર / ૧૦૨૦૦૪ / ૧૬૧૯ / ગ.૨થી વર્ગ-૪ની જગ્યાના બધા જ ભરતી નિયમો / હુકમો રદ કરી વર્ગ-૪ની બધી જ જગ્યાઓ માટે સર્વસામાન્ય ભરતી નિયમો બહાર પાડવામાં આવેલા છે. જેમાં નિમણુક માટેની શૈક્ષણિક લાયકાત એસ.એસ.સી. પાસ રાખવામાં આવી છે, જે રહેમરાહે નિમણુકોમાં પણ આપોઆપ લાગુ પડે છે. તદ્નુસાર અરજી ક્યારે કરેલ છે તે બાબત ધ્યાને લીધા સિવાય તા. ૧૬-૩-૦૫ પછી રહેમરાહે નિમણૂકની વિચારણા કરતી વખતે વર્ગ-૪ની જગ્યા માટે એસ.એસ.સી.પાસની શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પાત્ર ગણાશે.

(૪) વર્ગ-૩ની જગ્યાના ભરતી નિયમોમાં સચિવાલય, બિનસચિવાલય તથા અન્ય સંવર્ગો માટે ભરતી નિયમોમાં ધોરણ-૧૨ પાસનું ધોરણ કરાયું છે. આથી તે તારીખ પછી રહેમરાહે નિમણૂક માટે વિચારણા કરાય તો ધોરણ-૧૨ પાસની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય તેવા આશ્રિતોની જ વિચારણા કરવાની રહેશે.

(૫) સરકાર દ્વારા તા. ૨૬-૧૨-૦૫ની સૂચનાઓથી વર્ગ-૩ની જગ્યામાં નિયુક્તિ માટે કોમ્પ્યુટરની માન્ય સંસ્થા/ યુનિવર્સિટીની C.C.C. પરીક્ષા પાસ કર્યા અંગેનું પ્રમાણપત્ર જરૂરી બનાવ્યું છે. આથી તે તારીખ બાદ રહેમરાહે નિમણૂકની વિભાગના કેસોમાં તે જોગવાઇ ધ્યાને લેવાની રહેશે.

(૬) રહેમરાહે નિમણૂકની અરજીની ચકાસણીની જવાબદારી સંબંધિત વિભાગ/ ખાતાના વડાની છે. તેથી સંપૂર્ણ પૂર્તતા અને દસ્તાવેજો સાથેની અરજી જ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને મોકલાય તથા મંડળે અરજીની વિગતોની પૂર્તતા / ચકાસણી ન કરવી પડે તે રીતે અરજી મોકલવી તે અંગેની જવાબદારી સંબંધિત વિભાગ/ ખાતાના વડાની છે. મંડળે લાગુ

પડતા હુકમો અન્વયે અરજીની ચકાસણી / વિચારણા કરવાની રહે છે. એક પદ્ધતિ તરીકે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને પણ ચકાસણીમાં કદાચ કોઇ વિગતો ખૂટતી જણાય તો સંબંધિત વિભાગ/ ખાતાના વડા મારફતે મેળવવાની રહેશે. અરજી અસ્વીકારની જાણ પણ મંડળે કચેરી / વિભાગને કરવાની રહેશે.

(૭) કોઇ કેસ માર્ગદર્શન, મંજૂરી માટે સામાન્ય વહીવટ વિભાગને રજૂ કરાય તે સમયે કેસને લગતી લઘુતમ આવશ્યક વિગતો આ સાથેના નમૂના મુજબના ચેકલીસ્ટમાં દર્શાવી કેસ સાથે અચૂક રજૂ કરવાની રહેશે. ચેકલીસ્ટમાં વિગતો સામેલ નહીં હોય તેવા કેસો પરત કરી દેવામાં આવશે.

(૮) રહેમરાહે નોકરીની વિચારણા કરાતી હોય તેવા કેસોમાં આશ્રિત કુટુંબના આર્થિક હાલતની ચકાસણી યોજનાના હેતુને ધ્યાનમાં રાખીને સર્વપ્રથમ કરવાની રહે છે. યોજનાનો મૂળ હેતુ કોઇપણ જીવનનિર્વાહના સાધન સિવાય કુટુંબને નિરાધાર સ્થિતિમાં મૂકી ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર કર્મચારીના આશ્રિત કુટુંબના એક સભ્યને રહેમરાહે નિમણૂક આપી નાણાંકીય ભીંસમાં રાહત આપવા અને આવી પડેલી આકસ્મિક કટોકટીને પહોંચી વળવાનો છે. તે જોતાં વિચારણા સમયે કુટુંબની આર્થિક હાલતનું મૂલ્યાંકન કરવું અનિવાર્ય છે. આ હેતુ માટે આશ્રિત કુટુંબને મળતાં કુટુંબ પેન્શન તથા ગ્રેજ્યુટી, જૂથ વીમો, રજાનું રોકડમાં રૂપાંતર, જી.પી.એફ. વગેરે મળેલી કે મળવાપાત્ર રકમો ઉપરાંત રકમ, ખેતી, સ્થાવર/ જંગમ મિલકતની આવકની વિગતોના આધારે કુટુંબની આર્થિક સ્થિતિ ધ્યાને લીધા બાદ જો કુટુંબ દયનીય સ્થિતિમાં છે તેમ જણાય તો અરજી અંગે વિશેષ ચકાસણી કરી કાર્યવાહી કરવાની રહે છે.

(૯) જ્યાં કુટુંબના પતિ/પત્ની બન્ને સરકારી કર્મચારી અથવા તારીખ ૭-૯-૨૦૦૨ના ઠરાવમાં ઉલ્લેખિત કચેરી / કચેરીઓમાં ફરજો બજાવતા હોય તે પૈકી એકનું અવસાન થાય તે સંજોગોમાં નિયમોની સ્પષ્ટ જોગવાઇ મુજબ સ્વ. કર્મચારીના કુટુંબમાં અન્ય કોઇ આશ્રિત (પુત્ર/

પુત્રી)ને રહેમરાહે નોકરી માટે વિચારણા કરી શકાશે નહીં.

રહેમરાહે નિમણૂકના કેસોની દરખાસ્ત ઉપર વિચારણા કરતી વખતે ઉપરોકત બાબતો ધ્યાને લેવા વિભાગો/ ખાતાના વડાઓને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતનાં રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વી.બી.ત્રિવેદી)

ઉપસચિવ

સામાન્ય વહીવટ વિભાગ

ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના ઉપ. સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
- તમામ મંત્રીશ્રીઓ / રાજય કક્ષાના મંત્રીશ્રીઓ / નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- સચિવાલયના સર્વ વિભાગો / સર્વ ખાતાના વડાઓ
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલકી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ
- એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ ગાંધીનગર
- પે એન્ડ એકાઉન્ટન્ટ ઓફિસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- રેસીડેન્ટ ઓડીટ ઓફિસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- નિયામકશ્રી, સરદાર પટેલ રાજય વહીવટ સંસ્થા, અમદાવાદ-૧૫
- સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ
- સિલેકટ ફાઇલ, ક-શાખા
- પ્રમુખશ્રી, ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસીએશન, ગાંધીનગર
- પ્રમુખશ્રી, ગુજરાત રાજય કર્મચારી મહામંડળ, અમદાવાદ.
- પત્ર દ્વારા

# ચેકલીસ્ટ

## સ્વ.કર્મચારીના આશ્રિતોને રહેમરાહે નોકરીની દરખાસ્ત વિચારણા માટે સામાન્ય વહીવટ વિભાગને મોકલતા પૂર્વે ચકાસણી કરવાના મુદ્દાઓઃ

| | | | | |
|---|---|---|---|---|
| (અ) | સ્વ.કર્મચારી અંગેની માહિતી | | | |
| | (૧) | સ્વ. કર્મચારીનું નામ તથા હોદ્દો તથા વર્ગ | | |
| | (૨) | સ્વ. કર્મચારીના અવસાનની તારીખ | | |
| | (૩) | અવસાનની તારીખે જે કચેરીમાં ફરજો બજાવતા હોય તે કચેરીનું નામ | | |
| | (૪) | અવસાનની તારીખે મળેલ પગાર ધોરણ તથા ફુલ પગાર | | |
| (બ) | સ્વ. કર્મચારીના આશ્રિત માટેની વિગતો | | | |
| | (૧) | સ્વ.કર્મચારીના વિધવા/વિધૂરનું નામ | | |
| | (૨) | રહેમરાહે નોકરી માટે અરજી કરનાર આશ્રિતનું નામ તથા કર્મચારી સાથેનો સંબંધ | | |
| | (૩) | આશ્રિતની જન્મતારીખ | | |
| | (૪) | આશ્રિત કઇ જગ્યા માટે વિચારણાપાત્ર છે | વર્ગ-૩ | ☐ |
| | | | વર્ગ-૪ | ☐ |
| | (૫) (અ) | આશ્રિતની શૈક્ષણિક લાયકાત. | ધોરણ-૧૦ | ☐ |
| | | | ધોરણ-૧૨ | ☐ |
| | (બ) | કોમ્પ્યુટરની CCC લાયકાત. | ધરાવે છે. | ☐ |
| | | | ધરાવતા નથી. | ☐ |
| | (૬) | અરજીની તારીખ | | |
| | (૭) | અરજી સમયમર્યાદામાં છે કે કેમ ? | | |

| | | | | |
|---|---|---|---|---|
| | | અરજી અસ્વીકારનો નિર્ણય. કર્યા તારીખ............... | | અસ્વીકારની જાણ કર્યા તારીખ:.................... |
| | (૮) | આશ્રિત કુટુંબના અન્ય સભ્યોની વિગત | જન્મતારીખ | શૈક્ષણિક લાયકાત |
| | | (૧) વિધવા /વિધુર | | |
| | | (૨) પ્રથમ સંતાન | | |
| | | (૩) દ્વિતીય સંતાન | | |
| | | (૪) તૃતિય સંતાન | | |

| | | | |
|---|---|---|---|
| (ક.૧) | આશ્રિત કુટુંબની આર્થિક સ્થિતિ | | |
| | (૧) સરકારમાંથી મળવાપાત્ર રકમ: | | |
| | | | રૂપિયા |
| | (૧) | કુટુંબ પેન્શનની મળવાપાત્ર (નકલ રાખવી) | |
| | (૨) | મળવાપાત્ર / મળેલ ગ્રેજ્યુટીની રકમ | |
| | (૩) | સામાન્ય ભવિષ્યનિધિમાંથી મળવાપાત્ર / મળેલ રકમ | |
| | (૪) | સરકારી વીમો જૂથ વીમો મળવાપાત્ર / મળેલ રકમ | |
| | (૫) | રજાનું રોકડમાં રૂપાંતર મળવાપાત્ર / મળેલ રકમ | |
| | (૬) | મકાન બાંધકામ પેશગી- મૂળ વ્યાજ માફ થવા પાત્ર | |
| (ક.૨) | સ્થાવર/ જંગમ મિલકત: ગામ.............જિલ્લો..............ક્ષેત્રફળ........ | | |
| | (૧) | સ્થાવર મિલકતમાંથી આવક | |
| | (૨) | જંગમ મિલકતમાંથી થતી આવક | |
| | (૩) | કુટુંબમાં અન્ય કમાતા સભ્યોની આવક | |
| | (૪) | અન્ય આવક | |
| (ક.૩) | કુટુંબના સભ્યોની કુલ માસિક આવક | | |

કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ
નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક : સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :-૧૩-૮-૨૦૦૮

**વંચાણમાં લીધા :-** સામાન્ય વહીવટ વિભાગનું તા.૧૩-૮-૨૦૦૮ના જાહેરનામા ક્રમાંક : જીએસ/૧૧/૨૦૦૮/સીઆરઆર/ ૧૦/૨૦૦૭/ ૧૨૦૩૨૦ /ગ.૫.

ઠરાવ :-

ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ-૮(૧એ)માં ઉપરોક્ત વંચાણમાં લીધેલ સામાન્ય વહીવટ વિભાગના જાહેરનામાથી નીચે મુજબની જોગવાઈ કરવામાં આવી છે.

"Notwithstanding anything contained in the other rule and subject to the provisions of these rules, no person shall be appointed to service, or post, except class-IV, inferior service, unless at the time of appointment he possesses a certificate of basic knowledge of computer applications of any Institute."

નિયમોની ઉપરોક્ત જોગવાઈના અનુસંધાને કોમ્પ્યુટરનું બેઝીક નોલેજ નક્કી કરવાની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી. પુખ્ત વિચારણાના અંતે ઉપરોક્ત નિયમના અમલ અર્થે આ સાથે સામેલ પત્રક-૧માં દર્શાવેલ અભ્યાસક્રમને કોમ્પ્યુટરના બેઝીક નોલેજ તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

કોઈપણ સંસ્થાનું ઉપરોક્ત અભ્યાસક્રમ મુજબનું કોમ્પ્યુટર વિષયની જાણકારી અંગેનું પ્રમાણપત્ર રાજય સરકારની સેવામાં ઉમેદવારોની સીધી ભરતી માટે માન્ય ગણવાનું રહેશે.

વધુમાં, એ સ્પષ્ટ કરવામાં આવે છે કે, માન્ય યુનિવર્સિટી અથવા સરકાર દ્વારા માન્ય સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડીપ્લોમા, ડીગ્રી કે સર્ટીફીકેટ કોર્ષ કરેલ હોય તો તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય

તરીકે હોય તો તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તો તેવા પ્રમાણપત્રો પણ રાજય સરકારની સેવામાં સીધી ભરતી માટે માન્ય ગણવાના રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.વી.પવાર)
સેકશન અધિકારી
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી
- સર્વે માન. મંત્રીશ્રીઓ / માન. રા. ક. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- સચિવશ્રી, ગુજરાત વિધાન સભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલા અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વિસીસ ટ્રીબ્યુનલ ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/ અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર / અમદાવાદ.
- નિવાસી તપાસણી અધિકારી, ગાંધીનગર / અમદાવાદ.
- સચિવાલયના તમામ વિભાગો
- તમામ ખાતાના વડાઓ
- માહિતી નિયામકશ્રી, ગાંધીનગર
  જરૂરી બહોળી પ્રસિદ્ધિ અર્થે.
- વેબ માસ્ટર
  સરકારની વેબસાઈટ / જી. આર. બુકમાં મુકવાની વિનંતી સાથે.
- વિભાગના તમામ અધિકારીઓ / શાખાઓ
- પસંદગી ફાઈલ ગ.પ-શાખા

---

- પત્ર દ્વારા.

L:\Harshida\THARAV-NO.CRR-10-2007-120093-G5-1.doc

- ✓ Taking data on and from a flash drive, pen drive
- ✓ Using data and resources from a Local Area Network
- ✓ Using FTP for uploading and downloading of Data from the Internet
- ✓ Information on Scanner and Scanner Software usage / configuration

❖ **Installations :**

- ✓ Installing basic software's like MS Office, etc.
- ✓ CD Burning Software (Nero etc.)
- ✓ Installing or adding printers
- ✓ Installing or adding Fonts
- ✓ Installing sound drivers
- ✓ Installing drivers for any new hardware
- ✓ Installing new software and removing them using the control panel

❖ **Best Practices.**

- ✓ Understanding patches, upgrades, versions and installing them
- ✓ General Security concepts (Covering orientation on the criticality of the password protection, guidelines on forming new passwords, guidelines on protection, of the assigned accounts)
- ✓ Disk Cleanup
- ✓ Regular updating of anti virus software
- ✓ Scandisk
- ✓ Backups in detail including the following :
  - Backup through Application
  - Backup through Utilities and Tools
  - Record Retention

❖ **Troubleshooting :**

- ✓ Troubleshooting Tools
- ✓ Troubleshooting Viruses
- ✓ Troubleshooting Fundamentals
- ✓ Problems that keep a computer from starting
- ✓ Troubleshooting OS, Network
- ✓ Problems after a Computer Boots

રહેમ રાહે નિમણૂંકના પડતર કેસોના નિકાલ માટેની સમયબધ્ધ કાર્યવાહી અંગે

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ પરચ-૧૦૨૦૦૭-૮૮૮-ક,
તારીખઃ ૨૫-૪-૨૦૦૮

પ રિ પ ત્ર :

રહેમ રાહે નિમણૂંકના કેસોની કાર્યવાહી દરમ્યાન જણાયું છે કે, આવા કેસો કેટલાય વર્ષો સુધી અનિર્ણિત પડતર રહે છે. એને લીધે મૃતકના કુટુંબને સમયસર સહાયભૂત થઇ શકવાના જે ઉદાત ધ્યેયને ધ્યાનમાં રાખીને સરકારે યોજના ઘડી છે, તે ફળીભૂત થતું નથી. વધુમાં અદાલત સમક્ષ પણ આવા અનુચિત વિલંબના કારણે સરકાર પક્ષે ક્ષોભજનક પરિસ્થિતિનો સામનો કરવો પડે છે.

આ પરિસ્થિતિ નિવારવા અને રહેમ રાહે નિમણૂંકના કેસોનો સમયબધ્ધ નિકાલ થાય તે માટે વિભાગોને સચિવશ્રી સ્તરે સમીક્ષા માટે અલગ પત્રથી કાર્યક્રમ સૂચવાયો છે. રહેમ રાહે કેસોની સમીક્ષા ચકાસણી માટે આ સંદર્ભમાં નીચે પ્રમાણેની વિગતવાર સૂચનાઓ આપવામાં આવે છે. :-

(૧) રહેમ રાહે નિમણૂંકના પડતર કેસોની સમીક્ષામાં ચકાસણીના મુખ્ય મુદ્દાઓ અંગે સંબંધિત નિયમોની જોગવાઇઓ નીચે મુજબ પુનઃ સ્પષ્ટ કરવામાં આવે છે.

અ) **સમયમર્યાદા:**

: ૧ : હાલ પ્રવર્તમાન સૂચનાઓ મુજબ ( તારીખઃ ૧૦-૩-૨૦૦૦ અને ૭-૯-૨૦૦૨) અવસાનના ૬ માસમાં જે કોઇ આશ્રિત નિમણૂક માટેની પાત્રતા ધરાવતા હોય તેણે અરજી કરી દેવાની રહે છે. આ જોગવાઇનું હાર્દ **તાત્કાલિક સહાયની જરુરિયાતના સમય દરમ્યાન જ અરજી થાય,** વિચારણા થાય અને શકય હોય તો નોકરી આપી શકાય, તે જોવાનું છે. તે માટે સંબંધિત કચેરી દ્વારા આશ્રિત કુટુંબને સર્વ માહિતી પણ પૂરી પાડવાની જોગવાઇ છે. આ સમયમર્યાદા પછી કરાયેલી અરજી અથવા પાત્રતા ધરાવતા ન હોવા છતાં છ માસની સમયમર્યાદામાં કરાયેલી અરજી નિયમોનુસાર વિચારણા પાત્ર બનતી નથી તેથી સંબંધિત સક્ષમ સત્તા દ્વારા તેનો વિગતવાર હુકમ કરી

બને. આ યોજનામાં પાત્રતાની શરતમાં પણ સુસ્પષ્ટ જોગવાઇ કરેલી છે કે, કોઇપણ જીવનનિર્વાહના સાધન સિવાય નિરાધાર સ્થિતિમાં અને નાણાકીય ભીંસમાં આવી પડેલ તેમજ તાત્કાલિક મદદને યોગ્ય જરુરીયાતવાળુ કુટુંબ આ યોજના અંતર્ગત સહાયને પાત્ર ગણાશે. ઉક્ત નિયમોની સાથે બિડેલ અરજીપત્રકમાં પણ આથી પેન્શન રકમ સહિતના કુલ મળતરની વિગતો મંગાવાય છે.

૩: આર્થિક સ્થિતિની ચકાસણીમાં કુટુંબ પેન્શનમાં મળવાપાત્ર મૂળ **પેન્શન + મોંઘવારી ભથ્થું અને + અન્ય ભથ્થાં સહિત** પ્રતિમાસ મળતું કુલ પેન્શન મળતર દર્શાવવાનું રહે છે. કેટલીક કચેરીઓ દ્વારા પેન્શન નકકી થયું નથી તેમ દર્શાવાય છે, જે સર્વથા અયોગ્ય છે. મૃતકના કુટુંબને સહાયભૂત થવામાં આ કામગીરી સત્વરે પૂરી કરાવી જોઇએ. વળી, સંબંધિત કચેરીએ મૃતકના પગારના આધારે પેન્શનની નિયમાનુસાર ગણતરી કરવી જોઇએ.

૪: **કુટુંબને નામે રહેણાંકનું મકાન તથા ખેતીની જમીન, ખેતમજૂરીની આવક ઇત્યાદી આર્થિક સ્થિતિના મૂલ્યાંકનમાં ધ્યાને લેવી જોઇએ.**

આર્થિક સ્થિતિનું મૂલ્યાંકન કરતી વખતે કુલ મરણોત્તર લાભની રકમ પર સામાન્ય મુદતી થાપણ પરના વ્યાજ દરે (જે હાલમાં આઠ ટકા ગણી શકાય) ગણતરી કરીને, પ્રતિવર્ષ થવાપાત્ર આવકમાં પેન્શન, ખેતીની, ઘરકામ, મજૂરીની કે અન્ય આવકનો સપ્રમાણ દરે ઉમેરો કરી પ્રતિમાસની કુલ આવક ગણાય છે. તે મુજબ કચેરીએ કુટુંબની આર્થિક સ્થિતિ ચકાસવાની રહે છે.

૬) શૈક્ષણિક લાયકાત:

૧: શૈક્ષણિક લાયકાતમાં કોઇ છૂટછાટ મૂકી શકાશે નહીં.

૨: સરકારે તારીખ: ૧૬-૩-૨૦૦૫ના જાહેરનામાથી વર્ગ-૪ માટે ધોરણ-૧૦ પાસની શૈક્ષણિક લાયકાતની જોગવાઇ લાગુ કરેલી છે તથા તારીખ: ૫-૧૦-૨૦૦૪ના જાહેરનામાથી વર્ગ-૩ માટે ધોરણ-૧૨ પાસની જોગવાઇ લાગુ કરેલી છે અને તારીખ: ૭-૮-૨૦૦૪થી કૉમ્પ્યુટરની જાણકારી પણ જરુરી ગણાઇ છે ત્યારે બંધારણની કલમ : ૩૦૯ હેઠળ સરકારને મળેલી સત્તાની રુએ કરેલી આ જોગવાઇઓથી ઓછી લાયકાત ધરાવતા ઉમેદવારને

સેવામાં લેવાનું કે નિમણૂંક આપવાનું સરકાર માટે શકય બને તેમ નથી.

૩: તારીખઃ ૧૦-૩-૨૦૦૦ની યોજનાના નિયમ : ૫ (સી) માં જોગવાઇ કરાયેલી જ છે કે, રહેમ રાહે નિમણૂક માટેનો ઉમેદવાર તે જગ્યા પર નિયુકિત માટેની સર્વ લાયકાતો ધરાવતો હોવો જોઈએ.

૪: લઘુત્તમ વયમર્યાદા અને ઠરાવેલી શૈક્ષણિક લાયકાત એવી જોગવાઈઓ છે. જેમાં સરકારે કદી કોઇ કિસ્સામાં છૂટછાટ મૂકી નથી તથા નિયમ : ૬ (એ) તથા (બી) માં જે અપવાદો તથા છૂટછાટો દર્શાવેલ છે, તેમાં ઉમેદવારને શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં કોઈ છૂટછાટ આપવાનું દર્શાવેલ નથી. તેથી જ તારીખઃ ૭-૯-૨૦૦૨ના **નિયમઃ ૫માં** એ પુનઃ સ્પષ્ટ કરતાં ઠરાવ્યું છે કે, **અરજદારે અરજી કર્યા સમયે જે કોઇ સેવાના નિયમો, પગાર કે પગારધોરણ અમલમાં હોય તેને ધ્યાનમાં લીધા સિવાય અરજદારની નિમણૂક માટે વિચારણા કરવાની થાય તે સમયે** જે સેવાના નિયમો, પગાર કે પગારધોરણ અમલમાં હશે તે જ લાગુ પાડવાના છે. આ જોગવાઇ નીતિવિષયક નિર્ણય છે. નામદાર સર્વોચ્ચ અદાલતે **કેન્દ્રીય વિદ્યાલય સંગઠનના** કિસ્સામાં સ્પષ્ટ કર્યા અનુસાર સંબંધિત સત્તાએ લીધેલ નીતિવિષયક નિર્ણયથી વિરુધ્ધમાં વિચારણા કરવાની રહેતી નથી. તે લક્ષગત કરતાં સરકારે શૈક્ષણિક લાયકાત માટે જે લાગુ પડતી જોગવાઇ કરી હોય તે પડતર અરજીઓને લાગુ પડે છે.

ઉપર મુજબની સર્વ સ્પષ્ટતાઓને આધારે સંબંધિત વિભાગ / કચેરીએ **પોતપોતાના સ્તરે યોગ્ય નિર્ણય** લેવાનો રહેશે અને રુટિન રીતે કેસ માર્ગદર્શન માટે મોકલવાનો રહેશે નહીં.

અસ્વીકારના હુકમોમાં પણ સરકારશ્રી દ્વારા કરાયેલી વિચારણાના આધારે ઉપરના જે કારણોસર અસ્વીકૃતિપાત્ર કેસ હોય તે સર્વનો વિગતવાર ઉલ્લેખ કરી અથવા તો જેટલાં કારણોસર અરજી અસ્વીકાર્ય રહે છે, તેમ જણાવવું જોઇએ અને તેમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, સામાન્ય વહીવટ વિભાગ કે નાણા વિભાગ એવો ઉલ્લેખ કરી શકાશે નહીં.

ઈ) **અદાલતી કેસોમાં ધ્યાને રાખવા યોગ્ય બાબતો :**

૧: રહેમ રાહે નિમણૂંક સામેના કેસોમાં ઉપર મુજબની વિગતો સરકારી વકીલશ્રીના ધ્યાને મૂકાય તે જોવાવું જોઇએ.

૨: અદાલતમાં કેસની વિચારણા થાય તે પહેલાં સરકાર પક્ષે એફીડેવીટ સમયસર રજૂ થાય તેની કાળજી લેવાવી જોઇએ.

૩: **અદાલતી ચૂકાદો જે કચેરીને મળે તેણે રુબરુ મુદ્દામ માણસ સાથે સંબંધિત વિભાગને બીજા જ દિવસે પહોંચતો કરાવો જોઇએ કે વિભાગે મેળવી લેવો જોઇએ.**

૪: ચૂકાદા અંગે મદદનીશ સરકારી વકીલશ્રીનો અભિપ્રાય જરુર પડયે **રુબરુમાં જઈ મેળવવો જોઇએ.**

૫: અપીલની સાથે મનાઇ હુકમ મેળવવાની અરજી પણ દાખલ કરવી જોઇએ.

૬: કોઇપણ અદાલતમાં કેસ ઉભો થાય ત્યારે એક સુસંગત નીતિ તરીકે બચાવ થાય તે માટે વહીવટી વિભાગને સત્વરે જાણ કરવાની રહેશે. સરકારની સૂચનાઓ અનુસાર સર્વ મુદ્દાઓ આવરી લેતી મંજૂર કરાયેલી એફિડેવીટ સમયસર દાખલ થાય અને કોઇપણ સંજોગોમાં **એફિડેવીટમાં વિલંબ કે અપીલ વિલંબ, વિલંબ માફી માટેની સીવીલ એપ્લીકેશનનો પ્રસંગ ઉપસ્થિત ન થાય તેની કાળજી લેવાવી જોઇએ.**

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( વી.બી.ત્રિવેદી)
ઉપ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી,
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

**NOTIFICATION**

General Administration Department,
Sachivalaya, Gandhinagar,
Dated the 15th January, 2009.

Constitution of India

No.GS/2009/3/ભરત/102004/592/G.4:- In exercise of the powers conferred by the proviso to article 309 of the Constitution of India, the Governor of Gujarat hereby makes the following rules further to amend the Gujarat Non-Secretariat Clerks and Clerk-cum-Typists Recruitment Rules, 1990, namely:-

1. These rules may be called the Gujarat Non-Secretariat Clerks and Clerk-cum-Typists Recruitment (Amendment) Rules, 2009.

2. In the Gujarat Non-Secretatriat Clerks and Clerk-cum-Typists Recruitment Rules, 1990, in

(i) rule 6, in sub-rule (a), and

(ii) rule 11, in sub-rule (2) in clause (i),

for the words, "the Higher Secondary School Certificate Examination" the words, "the Secondary School Certificate Examination", shall be substituted.

By order and in the name of the Governor of Gujarat,

(A.M. Bhavsar)
Under Secretary to Government.

---

To,

The Secretary to the Governor, Raj Bhavan, Gandhinagar.
The Principal Secretary to Chief Minister.
The Personal Secretary to all Ministers/State Ministers.
*The Secretary, Gujarat Public Service Commission, Ahmedabad.
*The Secretary, Gujarat Legislative Secretariat, Gandhinagar.
*The Secretary, Gujarat Subordinate Service Selection Board, Gandhinagar.
*The Registrar, Gujarat High Court, Sola, Ahmedabad.
*The Secretary, Gujarat Vigilance Commission, Gandhinagar.
*The Secretary, Gujarat Civil Service Tribunal, Gandhinagar.
The Secretary, Gujarat Panchayat Service Selection Board, Ahmedabad.
The Accountant General, Ahmedabad/Rajkot.
All Departments of Secretariat.
All Heads of Departments and Heads of Offices under the Department of the Secretariat.
Commissioner, Sardar Patel Institution of Public Administration, Ahmedabad.
The Manager, Government Central Press, Gandhinagar - With a request to publish this Notification in the Office Gazette immediately and to send 30 copies thereof to General Administration Department.
All Branches of the General Administration Department.
Select file.